# નિયામક મંડળ

(તા.૩૦મી જૂન, ૨૦૧૮ના રોજ)

● અધ્યક્ષ ●

શ્રી મનોજકુમાર દાસ, IAS

● નિયામકો ●

શ્રી હર્બર્ટ ક્રિશ્ચિયન

શ્રી પુસ્કર મિશ્રા

● વહીવટી સંચાલક ●

શ્રીમતિ મમતા વર્મા, IAS

● સચિવશ્રી (બોર્ડ) ●

શ્રી રવીન્દ્રન નાયર

● ઓડિટર્સ ●

મે. મનુભાઈ એન્ડ શાહ, એલએલપી

ચાર્ટર્ડ એકાઉન્ટ્સ, અમદાવાદ

● મુખ્ય કચેરી ●

બ્લોક નં. ૧૦, પ્રથમ માળ, સેક્ટર–૧૧, ઉદ્યોગ ભવન,

ગાંધીનગર–૩૮૨ ૦૧૦.

● ક્ષેત્રીય કચેરીઓ ●

ગાંધીનગર, સુરત અને રાજકોટ

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાના ક્રમાંક |
|---|---|---|
| ૧ | નોટિસ | ૧ – ૬ |
| ૨ | નિયામકનો અહેવાલ | ૭ – ૧૨ |
| ૩ | વહીવટી ચર્ચા અને વિશ્લેષણ અહેવાલ | ૧૩ – ૧૪ |
| ૪ | કોર્પોરેટ ગવર્નન્સ પરનો અહેવાલ | ૧૫ – ૨૫ |
| ૫ | સ્વતંત્ર ઓડિટરનો અહેવાલ | ૨૬ – ૨૭ |
| ૬ | પાકું સરવૈયું | ૨૮ |
| ૭ | નફા અને નુકસાન ખાતું | ૨૯ |
| ૮ | રોકડ પ્રવાહ પત્રક | ૩૦ – ૪૫ |
| ૯ | પાછલા દાયકા દરમિયાન નિગમની કામગીરીનું ચિત્ર | ૪૬ – ૫૦ |
| ૧૦ | હાજરી પત્રક/પ્રોક્સી ફોર્મ | ૫૧ |


G.C.P.G.-Y-657-10-18(SIS-10)

# નોટિસ

ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમ સામાન્ય નિયમોના નિયમ ૨૩ હેઠળ આથી નોટીસ આપવામાં આવે છે કે, ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમના શેરહોલ્ડરોની ૫૮મી વાર્ષિક સામાન્ય સભા **શુક્રવાર, તા. ૧૪મી સપ્ટેમ્બર, ૨૦૧૮ ના રોજ સવારે ૧૧.૩૦ વાગે વડી કચેરી ખાતે આવેલ અધ્યક્ષશ્રીની કચેરીમાં, ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૧૦, પ્રથમ માળ, સેક્ટર–૧૧, ગાંધીનગર– ૩૮૨૦૧૦ ખાતે નિમ્ન લિખિત કામકાજ હાથ ધરવા માટે મળશેઃ**

(૧) તા. ૩૧ મી માર્ચ, ૨૦૧૮ના રોજ પુરા થતા નાણાંકીય વર્ષ માટે નિગમનું પાકું સરવૈયુ, નફા–નુકશાનના ખાતા સહિતના ઓડિટેડ નાણાકીય પત્રકો, તે અંગેનો ઓડીટરનો અહેવાલ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સના અહેવાલ સ્વીકારવા, વિચારવા અને મંજુર કરવા.

(૨) રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા ભલામણ કર્યા મુજબ મેસર્સ પ્રિયમ આર. શાહ એન્ડ એસોસિએટ,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ, અમદાવાદની નિગમના સ્ટેચ્યુટરી ઓડીટર તરીકે આ વાર્ષિક સાધારણ સભાના અંતથી આગામી વાર્ષિક સાધારણ સભાના અંત સુધી પુનઃનિમણૂક કરવા અને તેમનું મહેનતાણું નક્કી કરવા.

સંચાલક મંડળના આદેશથી,

સ્થળ: ગાંધીનગર **(મમતા વર્મા, IAS)**

તારીખ: ૦૯/૦૭/૨૦૧૮ વહીવટી સંચાલક

**નોંધ:**

૧. ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમ સામાન્ય નિયમોના નિયમ ૨૮–બી અનુસાર પ્રત્યેક શેર ધારકે જેઓ ૫૮મી વાર્ષિક સામાન્ય સભાની તારીખથી છ માસથી ઓછા નહીં તેવા સમયગાળા માટે શેર ધારક તરીકે નોંધાયેલા હશે તેમને, આવી સામાન્ય સભામાં પોતે ધારણ કરેલા પ્રત્યેક શેર દીઠ એક મત આપવાનો અધિકાર રહેશે.

**૨. સભામાં ઉપસ્થિત રહીને મત આપવાનો અધિકાર ધરાવતા સભ્ય, પોતાના વતી સભામાં ઉપસ્થિત રહેવા અને મત આપવા માટે પ્રોક્સી નિમવાનો હક્ક ધરાવે છે અને આવા પ્રોક્સી નિગમના સભાસદ હોવા જરૂરી નથી.**

**૩. કોઇ પણ પ્રોક્સી અમલી ત્યારેજ ગણાશે જ્યારે તેના પર યોગ્ય સ્ટેમ્પ લગાડવામાં આવ્યા હોય, અને તેની સાથે પાવર ઓફ એટર્ની અથવા અન્ય અધિકાર–પત્ર જો કોઇ હોય તો તે જોડેલ હોય, જે હેઠળ તેના પર સહી કરવામાં આવેલ હોય, અથવા તે અધિકાર પત્રની નકલ, જે નોટરી પબ્લીક અથવા મેજીસ્ટ્રેટ દ્વારા પ્રમાણીત કરવામાં આવી હોય અને સભાના નિયત દિવસથી ઓછામાં ઓછા સાત દિવસ અગાઉ નિગમની વડી કચેરીએ પ્રોક્સી ફોર્મ જમા કરાવવામાં આવ્યા હશે તોજ તે અમલી ગણાશે.**

૪. ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમના સામાન્ય નિયમ–૧૨ અનુસાર નિગમના સભાસદોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક **તા. ૧૧/૦૯/૨૦૧૮ થી તા. ૧૪/૦૯/૨૦૧૮ સુધી (બન્ને દિવસો સહિત) બંધ રહેશે.**

૫. જે શેર ધારકો નિગમના હિસાબો કે અન્ય બાબતો અંગે કોઈ માહિતી મેળવવા ઈચ્છતા હોય તો તેમના પ્રશ્નો મીટીંગની તારીખથી ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ નિગમને મોકલી આપવા, જેથી મીટીંગ વખતે જરૂરી માહિતી ઉપલબ્ધ કરી શકાય.

૬. શેર ધારકોને વાર્ષિક અહેવાલની નકલ વાર્ષિક સાધારણ સભામાં લાવવા વિનંતી કરવામાં આવે છે.

૭. ભૌતિક રીતે શેર ધરાવતા સભાસદોને તેમના સરનામામાં કે ઇ–મેઇલ આઇડીમાં થયેલ ફેરફાર અંગે નિગમના **R&T** એજન્ટસને જણાવવા વિનંતી કરવામાં આવે છે. જો શેર ડિ–મેટ ફોર્મમાં હોય તો, સરનામા અને ઇ–મેઇલ સરનામામાં થયેલા ફેરફારની જાણ સબંધિત ડિપોઝીટરી પાર્ટીસીપન્ટને કરવાની રહેશે.

૮. **ઈલેક્ટ્રોનીક માધ્યમ ધ્વારા મત આપવો:**

સેબીના (લીસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડીસ્કલોઝર રીકવાયરમેન્ટસ) રેગ્યુલેશન ૨૦૧૫ ના નિયમ ૪૪ મુજબ નિગમ ૧૪.૦૯.૨૦૧૮ના રોજ મળનારી ૫૮મી સામાન્ય સભાના કામકાજ દરમિયાન હાજર રહેવાના વિકલ્પ સ્વરૂપે સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસ (ઇન્ડીયા) લી. **(CDSL)** મારફત ઇ–વોટીંગની સુવિધા ઉપલબ્ધ કરાવીને આનંદની લાગણી અનુભવે છે. ઇ–વોટીંગની સુવિધા વેબસાઇટ **www.evotingindia.com** પર ઉપલબ્ધ છે. જીએસએફસીના સામાન્ય નિયમોના નિયમ ૨૮–બી મુજબ, પર્પઝ ઓફ વોટીંગની કટ–ઓફ તારીખ ૧૬મી માર્ચ, ૨૦૧૮ છે.

વાર્ષિક સામાન્ય સભા દરમ્યાન મતપત્ર દ્વારા મત આપવાની સુવિધા ઉપલબ્ધ છે. જે સભ્યોએ remote e-votingથી મત નહીં આપ્યો હોય તેઓ મતપત્ર દ્વારા સભામાં પોતાના અધિકારનો ઉપયોગ કરી શકશે.વાર્ષિક સામાન્ય સભા પહેલા જે સભ્યોએ remote e-voting દ્વારા પોતાનો મત આપ્યો હશે તેઓ વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહી શકશે પરંતુ ફરીથી મત આપી શકશે નહીં.

(i) મતદાનનો સમયગાળો તા. ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે શરૂ કરવામાં આવશે, જે ૧૩મી સપ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે પૂર્ણ થશે. આ સમયગાળા દરમિયાન તા. ૧૬મી માર્ચ, ૨૦૧૮ના રોજ નિગમના ભૌતિક કે ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં શેર ધરાવતા શેરધારકો ઇલેક્ટ્રોનિક વોટિંગ કરી શકશે. વાર્ષિક સામાન્ય સભા અગાઉ ઇ–વોટિંગથી મત આપનાર સભ્યો સભામાં હાજર રહી શકશે પરંતુ તેઓ ફરી મત આપી શકશે નહીં. સીડીએસએલ દ્વારા ઇ–વોટિંગનું મોડ્યુલ ત્યાર બાદ બંધ કરી દેવામાં આવશે.

(ii) શેરધારકો ઇ–વોટીંગ માટે વેબસાઇટ **www.evotingindia.com** પર લોગ ઓન કરો.

(iii) **"શેર હોલ્ડર્સ"** ટેબ પર કલીક કરો.

(iv) હવે તમારો યુઝર આઇ.ડી. એન્ટર કરો.

(અ) **CDSL** માટે: ૧૬ ડીજીટનો બેનીફીસીઅરી આઇ.ડી.

(બ) **NSDL** માટે: ૮ કેરેકટરનો આલ્ફાન્યુમરિક **DP** આઇ.ડી., ત્યાર બાદ ૮ ડીજીટનો કલાયન્ટ આઇ.ડી.

(ક) ભૌતિક રીતે શેર ધરાવતા સભ્યોએ નિગમમાં નોંધાયેલફોલીયો નંબર દાખલ કરવો.

(v) ત્યારબાદ સ્ક્રીન પરનો ઇમેજ વેરીફીકેશન દાખલ કરો અને લોગ–ઇન પર કલીક કરો.

(vi) જો તમારા શેર ડિમેટ ફોર્મમાં હોય તો અને અગાઉ તમે વોટ કરવા માટે **www.evotingindia.com** પર લોગ ઇન કર્યું હોય તેવા સભ્યો પ્રવર્તમાન લોગીન અને પાસવર્ડનો ઉપયોગ કરે.

(vii) જો તમે પહેલી વખત ઇ–વોટીંગનો ઉપયોગ કરતા હો તો, નીચેની સૂચનાઓને અનુસરો.

| | ડિમેટ ફોર્મમાં અને ભૌતિક રીતે શેર ધારણ કરતા સભ્યો માટે |
|---|---|
| PAN | આવકવેરા વિભાગ તરફથી આપવામાં આવેલ તમારો ૧૦ ડિજીટનો આલ્ફોન્યુમરીક PAN એન્ટર કરો. (ડિમેટ ફોર્મમાં અને ભૌતિક રીતે શેર ધારણ કરતા બંને પ્રકારના સભ્યોને લાગુ પડે છે.)<br>• જે સભ્યોએ પોતાના PAN નંબર નિગમ/ડિપોઝીટરી પાર્ટીસીપન્ટ સાથે નોંધાવ્યા ન હોય તેમને વિનંતી કરવામાં આવે છે કે, તેમણે દસ ડીજીટના સિક્વન્સ નંબર PAN ફિલ્ડમાં ઉપયોગ કરવો. **સિક્વન્સ નંબર સરનામાની સ્લીપમાં છાપવામાં આવેલ છે.** |
| **ડિવીડન્ડ બેંકની વિગતો અથવા DOB** | લોગીન કરવા માટે તમારા ડિવિડંડ બેંક ખાતાની વિગત અથવા જન્મ તારીખ (dd/mm/yyyy) જે તમારા ડિમેટ એકાઉન્ટ અથવા નિગમમાં નોંધાયેલ મુજબ એન્ટર કરો.<br>• જો આ વિગતો નિગમ કે ડિપોઝીટરીના રેકોર્ડમાં ન હોય તો, ડિવિડન્ડ બેન્ક ડિટેઇલ ફિલ્ડમાં મેમ્બર આઇડી/ફોલિયો નંબર દાખલ કરો. |

(viii) આ વિગતોયોગ્ય રીતે એન્ટર કર્યા બાદ, “SUBMIT” tab પર ક્લીક કરવું.

(ix) ભૌતિક રીતે શેર ધરાવતા હોય, તેવા સભાસદો સીધા કંપની સિલેક્શન સ્ક્રીન પર પહોંચશે. આમ છતાં, જે સભ્યો ડિમેટ ફોર્મમાં શેર ધરાવતા હશે, તેઓ હવે “Password Creation” મેનુ પર પહોંચશે જ્યાં તેમણે ફરજીયાત રીતે તેમનો લોગ ઇન પાસવર્ડ નવા પાસવર્ડ ફીલ્ડમાં એન્ટર કરવાનો રહેશે. કૃપયા એ વાતની નોંધ લેશો કે આજ પાસવર્ડનો ઉપયોગ ડિમેટ એકાઉન્ટ ધરાવનારાઓ એ અન્ય કોઇ કંપનીના વોટીંગ માટે જ્યાં તેઓ વોટીંગ અધિકાર ધરાવતા હોય ત્યાં પણ મત આપવા માટે કરી શકશે. અહીંશરત એ છે કે જે તે કંપની પણ CDSL પ્લેટફોર્મ મારફતે ઇ-વોટીંગનો વિકલ્પ આપતી હોવી જોઇએ. આપને એવી આગ્રહ ભરી ભલામણ કરવામાં આવે છે કે આપનો આવો પાસવર્ડ કોઇ પણ અન્ય વ્યક્તિને જણાવશો નહીં અને તમારો પાસવર્ડ ખાનગી રાખવા માટે વધુમાં વધુ કાળજી લેશો.

(x) ભૌતિક રીતે શેર્સ ધરાવનાર સભ્યો આ વિગતોનો ઉપયોગ ફક્ત આ નોટીસમાં જણાવેલ ઠરાવો પર મતદાન કરવા માટે જ કરી શકશે.

(xi) GUJARAT STATE FINANCIAL CORPORATIONના EVSN પર ક્લીક કરો.

(xii) વોટીંગ પેજ પર, તમને RESOLUTION DESCRIPTION દેખાશે અને તેજ વિકલ્પ સામે “YES/NO” વોટીંગ માટે દેખાશે. તમારી ઇચ્છા મુજબYES અથવા NO નો વિકલ્પ પસંદ કરો. વિકલ્પ YES નો અર્થ છે તમે ઠરાવ સાથે સંમત છો, અને વિકલ્પ NO નો અર્થ છે, તમે ઠરાવ સાથે સંમત નથી.

(xiii) જો તમે ઠરાવની સંપૂર્ણ વિગતો જાણવા ઇચ્છતા હો તો “RESOLUTION FILE LINK” પર ક્લીક કરો.

(xiv) ઠરાવ સીલેક્ટ કર્યા પછી તમે વોટ આપવાનો નિર્ણય લીધો છે, તો “SUBMIT” પર ક્લીક કરો. એક કન્ફર્મેશન બોક્સ સ્ક્રીન પર આવશે. જો તમે તમારો મત કન્ફર્મ કરવા ઇચ્છતા હો તો, “OK”

પર ક્લીક કરો, જો તમે તમારો મત બદલવા ઇચ્છતા હો તો, "CANCEL" પર ક્લીક કરો અને એ મુજબ તમારા મતમાં સુધારો કરો.

(xv) એક વખત ઠરાવ પર તમે તમારો વોટ "CONFIRM" કર્યો તો, તમે પછી તેમાં ફેરફાર કરી શકશો નહીં.

(xvi) તમે જે વોટ આપ્યો હોય, તેની પ્રીન્ટ પણ કાઢી શકો છો. તે માટે તમારે વોટીંગ પેજના "Click here to print" વિકલ્પ પર ક્લીક કરવાની રહેશે.

(xvii) જો ડિમેટ એકાઉન્ટ ધારક લોગીન પાસવર્ડ ભૂલી ગયો હોય તો યુઝડ આઇડી અને ઇમેજ વેરિફીકેશન કોડ એન્ટર કરી ફર્ગોટ પાસવર્ડ પર ક્લીક કરો અને સિસ્ટમ દ્વારા પૂછવામાં આવતી વિગતો ભરો.

(xviii) શેરધારકો ઈ–વોટીંગ માટે મોબાઇલ એપ m-votingનો ઉપયોગ કરી શકશે.m-voting એપ એપલ, એન્ડ્રોઇડ અને વિન્ડોઝ બેઝ્ડ મોબાઇલ પર પ્રાપ્ય છે. શેરધારકો ઈ–વોટીંગની વિગતોનો ઉપયોગ કરીને નિગમના ઠરાવ માટે મત આપવા m-votingકરી શકશે.

(xix) **બિન–વ્યક્તિગત અને કસ્ટોડિયન શેર ધારકો માટે નોંધ**

- બિન–વ્યક્તિગત શેરહોલ્ડર્સ (એટલે કે વ્યક્તિગત, HUF, NRI વિગેરે સિવાયના) એ www.evotingindia.com પર લોગ ઓન કરવું, અને પોતાની નોંધણી કરાવવી.
- તેમણે રજીસ્ટ્રેશન ફોર્મની કંપનીના સહી સિક્કા સાથેની સ્કેન્ડ કોપી helpdesk.evoting@cdslindia.com પર રજુ કરવી.
- લોગ ઇન વિગતો મેળવ્યા બાદ, તેમણે એક User Create કરવાનું રહેશે, જે તેઓ વોટ કરવા ઇચ્છતા હોય તેવા એકાઉન્ટસને જોડી દેવામાં આવશે.
- એકાઉન્ટસના લીસ્ટ helpdesk.evoting@cdslindia.com ને મેઇલથી મોકલવાના રહેશે, અને એકાઉન્ટને મંજુરી મળતા, તેઓ પોતાનો વોટ આપી શકશે.
- તેમણે બોર્ડના ઠરાવ અને પાવર ઓફ એટર્ની (POA) કસ્ટોડીયનની તરફેણમાં આપી હોય તો તેની સ્કેન્ડ કોપી, જે તેમણે PDF ફોર્મેટમાં અપલોડ કરવી, જેથી સ્કુટીનાઇઝર સિસ્ટમમાં તેની ચકાસણી કરી શકે.

(xx) જો તમારે ઈ–વોટીંગ બાબતે કોઇ પ્રશ્ન હોય કે કોઇ પૂછપરછ કરવી હોય તો, તમે Frequently Asked Questions (FAQs) અને ઈ–વોટીંગ મેન્યુઅલને રીફર કરી શકો છો, જે www.evotingindia.com પર help section માં ઉપલબ્ધ છે, અથવા helpdesk.evoting@cdslindia.com પર મેઇલ લખી શકો છો.

(xxi) એક વખત વોટ આપ્યા બાદ તમે વાર્ષિક સામાન્ય સભામાં તેમાં ફેરફાર નહીં કરી શકો તેમજ વોટ પણ નહીં આપી શકો. જોકે, આપ બેઠકમાં હાજર કરી ચર્ચામાં ભાગ લઇ શકશો.

(xxii) શ્રીપ્રજ્ઞેશ એમ. જોષી, પ્રેકટીસીંગ કંપની સેક્રેટરી ,અમદાવાદ,ગુજરાત (સભ્ય નં.FCS ૭૨૩૮ અને પ્રેકટીસનું સર્ટીફીકેટ નં.૭૭૪૩) ને સ્કુટીનાઇઝર તરીકે ઈ–વોટીંગ અને સામાન્ય સભામાં મતદાનની પ્રક્રિયા યોગ્ય અને પારદર્શિતાથી થાય તેમાટે નિમવામાં આવ્યા છે.

(xxiii) સભામાં ઠરાવો પર ચર્ચાના અંતે અધ્યક્ષશ્રી સ્ક્રુટીનાઈઝરની મદદથી મત પત્રો/બેલેટ પેપર ના ઉપયોગ દ્વારા વોટિંગ કરાવશે. વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહેલા હોય પરંતુ e-voting દ્વારા મતદાન કર્યું ન હોય તેઓ જ આ મતદાન માં ભાગ લઈ શકશે.

(xxiv) સ્ક્રુટીનાઈઝર સામાન્ય સભામાં મતદાન પુરું થયા બાદ, બેઠક માં થયેલ મતદાનની પ્રથમ ગણતરી કરશે અને ત્યારબાદ ઓછામાં ઓછા બે સાક્ષીઓ (જેઓ નિગમના કર્મચારી ન હોય)ની હાજરીમાં e-voting થી થયેલ મતદાન ને અનબ્લોક કરશે, અને સામાન્યા સભા પૂરી થયેથી ૪૮ કલાકથી વધુ નહીં તેવી રીતે તરફેણ અને વિરૂધ્ધમાં પડેલ મત અંગેનો સંપૂર્ણ એકત્રિત અહેવાલ અધ્યક્ષને અથવા તેમના દ્વારા અધિકૃત કરવામાં આવેલ વ્યક્તિને લેખિતમાં રજુ કરશે, જેઓ આ અહેવાલ પર પ્રતિ સહિ કરશેઅને ત્યારબાદ મતદાનના પરિણામો જાહેર કરશે.

(xxv) e-votingનું પરિણામ બેઠક પુરી થયાના ૪૮ કલાકમાં નિગમ દ્વારા તેની વેબ સાઈટ પર જાહેર કરવામાં આવશે અને તે અંગે BSE Ltdને પણ જાણ કરવામાં આવશે. અધ્યક્ષશ્રી દ્વારા અથવા તેમના દ્વારા લેખિતમાં અધિકૃત કરવામાં આવેલ વ્યક્તિ દ્વારા સ્ક્રુટીનાઈઝર ના અહેવાલ સાથે પરિણામો જાહેર કરવામાં આવ્યાના તુરત બાદ પરિણામો નિગમની વેબ સાઈટ પર અને CDSL ની વેબ સાઈટ પર મુકવામાં આવશે. આ પરિણામો BSE Ltd. ને પણ તરત જ મોકલવામાં આવશે.

(xxvi) સભાસ્થળે વોટિંગ અને ઇ–વોટિંગ કરીને જરૂરી બહુમતીથી પસાર કરેલ ઠરાવને સામાન્ય સભામાં પસાર કરેલ ઠરાવ ગણવામાં આવશે.

## ભૌતિક સ્વરૂપે શેર ધરાવતા શેરધારકો માટેની સૂચના

**૧. હોલ્ડિંગ ધરાવતા શેરધારકો માટે PAN અને બેન્કની વિગતો સુધારવી ફરજિયાત**

સિક્યોરીટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયાએ તેના તા. ૨૦મી એપ્રિલ, ૨૦૧૮ના રોજના ઠરાવ ક્રમાંકઃ SEBI/HO/MISRD/DOP1/P/2018/73 માં કંપનીઓને તેમના રજિસ્ટ્રાર એન્ડ ટ્રાન્સફર એજન્ટ્સ દ્વારા ભૌતિક સ્વરૂપમાં જામિનગીરીઓ ધરાવતા બધા જ શેરધારકો પાસેથી PAN અને બેન્ક ખાતાની વિગતો મેળવવા માટે વિશેષ કામગીરી કરવાની સૂચના આપી છે. આથી સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ (1) બધા જ ધારકોના PAN કાર્ડની પોતે ખરાઇ કરેલ નકલ, (2) પ્રથમ ધારકના નામ સાથેનો રદ્દ કરેલો ચેક, પાસબુકની બેન્ક દ્વારા ખરાઇ કરેલ પ્રથમ પાનાની નકલ, અને (3) સરનામાનો પુરાવો (પોતે ખરાઇ કરેલ આધાર–કાર્ડ) જમા કરાવે.

**૨. ઇલેક્ટ્રોનિક સ્વરૂપના રહેલા શેરની જ તબદીલી**

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયાના તા. ૮મી જૂન, ૨૦૧૮ના રોજના ઠરાવ ક્રમાંકઃ SEBI/LAD-NRO/GN/2018/24 દ્વારા સેબી (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયર્મેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૪૦માં એક જોગવાઇ ઉમેરવામાં આવી છે કે "સિક્યોરિટીઝના ટ્રાન્સમીશન અથવા ટ્રાન્સપોઝીશનના કિસ્સા સિવાય ડિપોઝીટરી પાસે ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં નહીં હોય તેવા શેરની તબદીલી કરવામાં આવશે નહીં." આ જોગવાઇ તેના પ્રકાશનથી 180મા દિવસથી અમલમાં આવશે. બીએસઇ લિમિટેડે તેના તા. ૫મી જુલાઇ, ૨૦૧૮ના રોજના સર્ક્યુલર ક્રમાંકઃ LIST/COMP/15/2018-19 માં એવું જણાવ્યું છે કે ૫મી ડિસેમ્બર, ૨૦૧૮ના રોજથી લિસ્ટેડ કંપનીઓ અને તેના આરટીએએ એવી ખાતરી કરવી જોઇએ કે તબદીલી માટે આવેલ શેર ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં જ હોવા જોઇએ. આથી, સભ્યોને નોંધ લેવી કે ૫મી ડિસેમ્બર, ૨૦૧૮ના રોજથી ભૌતિક શેરની તબદીલી હાથ ધરવામાં આવશે નહીં.

# ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ

## નિયામકનો અહેવાલ

માનનીય સભાસદો,

આપના નિગમના ડિરેક્ટરો ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ પૂરા થતા વર્ષનો ૫૮મો વાર્ષિક અહેવાલ તેમજ ઓડિટ થયેલા નાણાકીય પત્રકો આપની સમક્ષ રજુ કરતા આનંદ અનુભવે છે.

**૧. આર્થિક ચિત્ર:**

ભારત દેશનું અર્થતંત્ર મિશ્ર રીતે વિકસતું અર્થતંત્ર છે. જીડીપીની દ્રષ્ટિએ તે વિશ્વનું છઠ્ઠું અને ખરીદશક્તિની સમાનતીની દ્રષ્ટિએ તે વિશ્વનું ત્રીજુ સૌથી મોટું અર્થતંત્ર છે. વર્ષ ૧૯૯૧ના આર્થિક સુધારણા બાદ ભારતની વાર્ષિક જીડીપી સરેરાશ ૬–૭ ટકા રહી છે. નાણાકીય વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૮માં ભારતનું અર્થતંત્ર ચીનને પછાડીને વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બની ગયું હતું. યુવાન વસ્તી, આધારિત રહેવાના ગુણોત્તરમાં ઘટાડો, મજબૂત બચત અને રોકાણના દરો તથા વૈશ્વિક અર્થતંત્ર સાથે વધેલા તાલમેલને કારણે ભારતીય અર્થતંત્રનો લાંબા ગાળાનો વૃદ્ધિની સંભાવનાઓમાં વધારો થયો છે. સરકારની રાજકોષીય સરળતા અને પરંપરાગત વૃદ્ધિને બદલે વિશેષ વૃદ્ધિ પર ધ્યાન આપવા પર ધ્યાન કેન્દ્રીત થવાથી નીતિ બંધારણ પરનો ભરોસો વધશે, રોકાણકારોના વિશ્વાસમાં સુધારો આવશે તેમજ ભારત બાહ્ય આંચકાઓ સામે મજબૂતાઇથી લડી શકશે.

સેન્ટ્રલ સ્ટેટિસ્ટીક્સ ઓફિસ(CSO)ના બીજા આગોતરા અંદાજો મુજબ, ભારતીય અર્થતંત્ર ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ પૂર્ણ થતા વર્ષ દરમિયાન વર્ષ ૨૦૧૬–૧૭ના ૭.૧ ટકાની સરખામણીએ ૬.૬ ટકાના દરે વૃદ્ધિ પામે તેવી અપેક્ષા છે. માસિક જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવાનો માર્ચ ૨૦૧૮ માટેનો વાર્ષિક દર પાછલા મહિનાના ૨.૪૮ ટકા અને ગત વર્ષના સમાન મહિનાના ૫.૧૧ ટકાની સરખામણીએ ૨.૪૭ ટકા રહ્યો છે. નાણાકીય વર્ષ દરમિયાન નિર્ધારિત ફુગાવો ગત વર્ષના સમાન સમયગાળા દરમિયાનના ૫.૧૧ ટકાની સરખામણીએ ૨.૪૭ ટકા રહ્યો હતો. વર્ષ ૨૦૧૭–૧૮ માટેના આર્થિસ સર્વેક્ષણમાં આગામી સમયમાં હકારાત્મક આર્થિક વૃદ્ધિ માટે આશાવાદ વ્યક્ત કરવામાં આવ્યો છે. તેમાં દર્શાવવામાં આવ્યું છે કે નાણાકીય વર્ષના બીજા ભાગમાં વૃદ્ધિ માટેના મજબૂત પરિબળો જોવા મળ્યા હતા અને નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં ૬.૭૫ ટકાના દરે નાણાકીય વૃદ્ધિ થશે તેવી સંભાવના વ્યક્ત કરાઇ છે, જે સેન્ટ્રલ સ્ટેટિટીક્સ ઓર્ગેનાઇઝેશનની આગાહી કરતા વધારે છે. સર્વેક્ષણમાં દર્શાવાયેલ અંદાજ મુજબ વૈશ્વિક માગમાં સુધારો થવાની સાથેસાથે અર્થતંત્રને નોટબંધી જેવા આર્થિક આંચકાથી થયેલ અસર પણ હવે ઓછી થવા માંડી છે. આ ઉપરાંત સ્થાનિક કક્ષાએ લેવામાં આવેલ નીતિવિષયક નિર્ણયોને પગલે આગામી નાણાકીય વર્ષમાં વૃદ્ધિ ૭–૭.૫ ટકા જેટલી રહે તેવી પ્રબળ શક્યતા છે. જીએસટી અને નોટબંધીની અર્થતંત્ર પર થયેલ અસરો હવે ઓછી થવા પર છે અને અર્થતંત્ર હાલ સજીવન થવાના માર્ગે છે. જીએસટી વ્યવસ્થા થાળે પડવાથી તેમજ ફુગાવામાં ઘટાડો અને મેક્રો–ઇકોનોમિક સ્થિરતા સામેનું જોખમ દૂર થતા આગામી ભવિષ્યમાં ભારતીય અર્થતંત્રની વૃદ્ધિની શક્યતાઓ ખૂબ પ્રબળ બની છે.

**૨. નાણાકીય દેખાવ:**

સંદર્ભ તળેના વર્ષ દરમિયાન, લોન અને એડવાન્સીસ પરનું વ્યાજ ગત વર્ષના રૂ.૩.૧૮ કરોડની સરખામણીએ ૧૦૩.૫૨ ટકા વધીને રૂ.૬.૪૬ કરોડ થયું છે. વ્યાજના દરોમાં ઘટાડાના વલણને કારણે થાપણો પરનું વ્યાજ ગત વર્ષના રૂ.૯.૦૪ કરોડની સરખામણીએ ૮.૩૧ ટકા ઘટીને રૂ.૮.૨૮ કરોડ રહેલ છે.

માંડી વાળેલ જોગવાઇ સહિતની અન્ય આવક ગત વર્ષની રૂ. ૫.૮૫ કરોડની સરખામણીએ લગભગ અડધી થઇ રૂ. ૩.૨૪ કરોડ થઇ ગઇ છે. અહેવાલના વર્ષ દરમિયાન નિગમની આવક ગત વર્ષની રૂ.૧૮.૦૭ કરોડની સરખામણીએ રૂ.૧૭.૯૮ કરોડ રહી છે.

નિગમ ખર્ચમાં ઘટાડો કરવા માટે શક્ય તેટલા પ્રયત્નો કરી રહ્યું છે. કર્મચારીઓને લગતા અને અન્ય ખર્ચા પર યોગ્ય રીતે કાપ મુકી શકાયો છે, પરંતુ ઋણ પરના વ્યાજમાં વધારો થઇ રહ્યો છે. અહેવાલના વર્ષ દરમિયાન કુલ ખર્ચ રૂ. ૧૩૩.૫૧ કરોડ થયો છે, જે ગત વર્ષ દરમિયાન રૂ.૧૩૩.૨૫ કરોડ હતો. નિગમે અહેવાલના વર્ષ દરમિયાન રૂ. ૧૧૫.૫૩ કરોડની ખોટ નોંધાવી છે, જે પાછલા વર્ષ દરમિયાન રૂ. ૧૧૭.૧૮ કરોડ હતી. અહેવાલના અંતિમ દિવસે નિગમની સંયુક્ત ખોટ રૂ.૨૫૭૨.૪૩ કરોડ રહી હતી અને આથી વર્ષ દરમિયાન કોઇ ડિવિડન્ડની જાહેરાત કરવામાં આવી નથી.

**૩. ઋણ:**

અહેવાલ હેઠળના વર્ષ દરમિયાન, નિગમે કોઇ ઋણ લીધું નથી. નિગમનું ગુજરાત સરકાર પાસેથી લીધેલ ઋણ વર્ષ દરમિયાન રૂ.૬૬૧.૬૮ કરોડની સ્થિતિએ સ્થિર રહેલ છે.

**૪. વસૂલાત:**

નિગમ હાલમાં બાકી લેણાની વસૂલાત પર પૂર્ણ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે અને શક્ય તેટલી વસૂલાત કરવા અંગેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વસૂલાતમાં વધારો કરવા માટે વિવિધ વન ટાઇમ સેટલમેન્ટ યોજનાઓ કાર્યરત છે. નિગમના અથાક પ્રયત્નોને કારણે નિગમે વર્ષ દરમિયાન કરેલ વસૂલાત ગત વર્ષના રૂ. ૭.૦૨ કરોડની સરખામણીએ ૨૩.૩૬ ટકા વધીને રૂ. ૮.૬૬ કરોડ થઇ છે.

**૫. માનવ સંશાધન:**

અમુક કર્મચારીઓ નિવૃત્ત થવાથી નિગમના પે–રોલ પર રહેલા કર્મચારીઓની સંખ્યામાં ગત વર્ષના ૬૧ની સામે ઘટાડો થયો છે, જે વર્ષાંતે ૫૬ રહેલ છે. કર્મચારીઓની વિગત નીચે મુજબ છે:-

| **ક્રમ** | **કક્ષા** | **કુલ** |
|---|---|---|
| ૧ | 'A' ગ્રેડ અધિકારીઓ | ૪ |
| ૨ | 'B' ગ્રેડ કર્મચારીઓ | ૪૩ |
| ૩ | 'C' ગ્રેડ કર્મચારીઓ | ૯ |
| **કુલ** | | **૫૬** |

બે કર્મચારીઓ લોન સર્વિસના છે અને ૧૯ કર્મચારીઓ સરકારી વિભાગોમાંથી પ્રતિનિયુક્તિ પર આવેલા છે. આથી, મુખ્ય કચેરી તથા ત્રણ ક્ષેત્રીય કચેરીઓ મળી નિગમના કર્મચારીઓની વાસ્તવિક સંખ્યા ૩૫ છે.

**૬. કોર્પોરેટ ગવર્નન્સ:**

નિગમ સતત કોર્પોરેટ ગવર્નન્સની જોગવાઇઓનું પાલન કરતું આવ્યું છે. કોર્પોરેટ ગવર્નન્સનો અલગ વિભાગ અને સેબી (લિસ્ટીંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયર્મેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ મુજબની કોર્પોરેટ ગવર્નન્સની શરતોના પાલન અંગેનું પ્રેક્ટિસીંગ કંપની સેક્રેટરી શ્રી કિશોર દૂધાત્રાનું સર્ટિફીકેટ આ વાર્ષિક અહેવાલનો એક ભાગ છે.

વહીવટીતંત્રની ચર્ચા અને વિશ્લેષિત અહેવાલ, કોર્પોરેટ ગવર્નન્સ રિપોર્ટ, કોર્પોરેટ ગવર્નન્સના નિયમોનું પાલન કર્યાનું પ્રમાણપત્ર અને નિયામક મંડળના બધા જ નિયામકો અને અન્ય વરિષ્ઠ અધિકારીઓને આચારસંહિતાનો અમલ કરેલ છે તેવું મેનેજિંગ ડિરેક્ટરનું કબુલાતનામું વગેરે આ અહેવાલનો એક ભાગ છે.

## ૭. ઓડિટર્સ:

એસએફસી એક્ટ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) મુજબ ઓડિટર્સની નિમણુંક આરબીઆઇ દ્વારા મંજુર કરવામાં આવેલ ઓડિટર્સની પેનલમાંથી શેરધારકોની સામાન્ય સભામાં આરબીઆઇ નક્કી કરે તે વળતરે કરવામાં આવશે. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાના આદેશ મુજબ ઓડિટ ફર્મ સતત ચાર વર્ષ સુધી કામ કરી શકે. નિગમના ઓડિટર્સ મે. મનુભાઇ એન્ડ શાહ એલએલપી કે જેમની ગત વાર્ષિક સામાન્ય સભામાં પુનઃનિયુક્તિ કરવામાં આવી હતી તેમણે તેમના સતત ચાર વર્ષની કામગીરી પૂર્ણ કરેલ છે. મે. મનુભાઇ એન્ડ શાહ એલએલપીએ ચાર વર્ષની મુદત પૂર્ણ કરી હોવાથી આરબીઆઇએ ૮ મે, ૨૦૧૮ના પત્રક્રમાંક DBS.ARS.No.6438/ 08:05:038(Gujarat)/2017-18 દ્વારા સ્ટેચ્યુટરી ઓડિટર્સ તરીકે મે. પ્રિયમ એમ શાહ એન્ડ એસોસિએટ્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ (એફઆરએન/સભ્ય ક્રમાંક ૧૧૮૪૨૧W)ને લાયક ઠરાવ્યા છે અને આગામી વાર્ષિક સામાન્ય સભામાં મંજુરી માટે બોર્ડે નિમણુંકની ભલામણ કરી છે.

સ્ટેચ્યુટરી ઓડિટર્સે ૩૧મી માર્ચ, ૨૦૧૮ના પૂર્ણ થયેલા વર્ષ માટેના નિગમના નાણાકીય પત્રકો પરનો સ્વતંત્ર ઓડિટરનો અહેવાલ રજુ કર્યો છે, જેમાં લાયકાતોનો સમાવેશ થાય છે. લાયકાતો અંગે સંચાલકમંડળના નિરીક્ષણ આ અહેવાલના સુધારામાં આપવામાં આવ્યા છે તેમજ તે વાર્ષિક અહેવાલનો એક ભાગ છે.

## ૮. નિયામક મંડળ:

સંદર્ભ તળેના વર્ષ દરમિયાન, સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ બેન્ક ઓફ ઇન્ડિયા (SIDBI)એ તા. ૩૧મી મે, ૨૦૧૭ના રોજના પત્ર દ્વારા એસએફસી એક્ટ, ૧૯૫૧ની કલમ ૧૫(૧) મુજબ તેમજ કલમ ૧૦(એ)ને વંચાણે લેતા નિગમના બોર્ડના અધ્યક્ષ તરીકે શ્રી પી. કે. તનેજા, આઇએએસ (નિ.)ને સ્થાને શ્રી મનોજ કુમાર દાસ, આઇએએસની નિમણુંક કરી છે. ગુજરાત સરકારના નાણાં વિભાગે તા. ૧૪.૦૭.૨૦૧૭ના રોજના કાર્યાલય આદેશ દ્વારા નિગમના બોર્ડમાં સી. જે. મેકવાનને સ્થાને શ્રી હર્બર્ટ ક્રિશ્ચિયન, નાણાકીય સલાહકાર (ઉ.)ની નિમણુંક કરી છે. સેબી (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયર્મેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ મુજબ વર્ષ દરમિયાન બોર્ડમાં જોડાયેલા નિયામકોની ટૂંકી માહિતી આ અહેવાલ સાથે સામેલ કોર્પોરેટ ગવર્નન્સ રિપોર્ટમાં આપવામાં આવી છે.

કંપનીનું બોર્ડ વિદાય થઇ રહેલા નિયામકોએ આપેલ મૂલ્યવાન સેવાઓ માટે બદલ તેમનો આભાર વ્યક્ત કરે છે અને તેની નોંધ લે છે.

આ ઉપરાંત, એસએફસી એક્ટ, ૧૯૫૧ની કલમ ૧૦(સી) મુજબ, સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલોપમેન્ટ બેન્ક ઓફ ઇન્ડિયા, મુંબઇએ તા. ૮મી મે, ૨૦૧૮ના રોજના પત્ર દ્વારા સિડબી, અમદાવાદ શાખાના ડેપ્યુટી જનરલ મેનેજરને નિગમના બોર્ડમાં શ્રી પ્રમોદ કુમાર વિજયવર્ગીયને સ્થાને હોદ્દાની રૂએ નિયુક્ત કર્યા છે. આથી, શ્રી પુષ્કર મિશ્રા નિગમના બોર્ડના નિયામક બન્યા છે. શ્રી મિશ્રા અંગેની સામાન્ય માહિતી નીચે મુજબ છે:-

૪૭ વર્ષીય શ્રી પુષ્કર મિશ્રા કોમર્સ વિષયમાં અનુસ્નાતક છે. તેઓ નાણાકીય ક્ષેત્રનો ૨૨ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે. તેઓ નિગમની ઓડિટ સમિતીના ચેરમેન છે. તેઓ અન્ય કંપની કે પેઢીમાં નિયામકપદ ધરાવતા નથી. તેઓ વ્યક્તિગત ધોરણે નિગમના કોઇ શેર્સ ધરાવતા નથી તેમજ તેઓ કોઇ નિયામક કે નિગમના અન્ય મુખ્ય કર્મચારી સાથે પણ કોઇ સંબંધ ધરાવતા નથી.

## ૯. નિયામકોની જવાબદારી દર્શાવતું નિવેદન

નિયામકો, કાર્યકારી વિભાગમાંથી મળેલી માહિતી તેમજ તેમના જ્ઞાન અને ક્ષમતાને આધારે નીચેની બાબતોને સમર્થન આપે છેઃ

૧. વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં, લાગુ પડતી હિસાબી પદ્ધતિનો અમલ કરવામાં આવ્યો છે, અને જ્યાં આ પદ્ધતિથી અલગ રીતનો ઉપયોગ કરવામાં આવ્યો હોય, ત્યાં યોગ્ય ખુલાસો આપવામાં આવ્યો છે.

૨. વાર્ષિક હિસાબોના પત્રકોમાં દર્શાવેલ હિસાબોની નીતિને પસંદ કરવામાં આવેલ છે, અને તેને લાગુ પાડવામાં આવેલ છે. અને નિર્ણયો અને અંદાજો જે વાજબી અને સચ્ચાઈ પૂર્ણ જણાયા હોય, તે સ્વીકારવામાં આવ્યા છે, જેથી ૩૧ માર્ચ ૨૦૧૮ના પુરા થતા નાણાંકીય વર્ષના અંતે, નિગમની સાચી પરિસ્થિત અને નિગમના તે વર્ષના નફા નુકશાનનો સાચો ચિતાર મળી શકશે.

૩. નિગમના હિસાબોના રેકોર્ડ જાળવણી કરવામાટે યોગ્ય અને પુરતી કાળજી રાખવામાં આવેલ છે. જેથી નિગમની મિલ્કતોનું રક્ષણ થઈ શકે અને છેતરપિંડી અને અન્ય અનિયમિતતા રોકવા અને શોધી કાઢવા માટે પૂરતી કાળજી લેવામાં આવેલ છે.

૪. ૩૧ માર્ચ, ૨૦૧૮ના રોજ પુરા થતા નાણાંકીય વર્ષના વાર્ષિક હિસાબો, રોજબરોજના હિસાબોના આધારે તૈયાર કરવામાં આવ્યા છે.

૫. નિગમ દ્વારા અમલ કરવાના આંતરીક નાણાકીય નિયંત્રણો નક્કી કરવામાં આવ્યા છે. અને આ આંતરીક નાણાકીય નિયંત્રણો પૂરતા છે અને ૩૧ માર્ચ, ૨૦૧૮ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષમાં તેનો અસરકારક રીતે અમલ કરવામાં આવેલ છે.

૬. લાગુ પડતા બધા કાયદાઓની પૂર્તતા કરવામાં આવે તેમાટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે. અને એ વ્યવસ્થા પૂરતી હતી અને ૩૧ માર્ચ, ૨૦૧૮ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષમાં તેનો અસરકારક રીતે અમલ કરવામાં આવેલ છે.

## ૧૦. આભાર–દર્શન:

આપના નિગમનું નિયામક મંડળ સતત આપેલ ટેકા અને માર્ગદર્શન બદલ ગુજરાત સરકારનું અત્યંત આભારી છે. નિયામક મંડળ ઉદ્યોગ અને ખાણ વિભાગ, નાણાં વિભાગ, આરબીઆઇ, સિડબી, મુંબઇ અને અમદાવાદ કાર્યાલયો, વ્યાપારી બેન્કો અને વિવિધ અન્ય સંસ્થાઓનો તેમણે વર્ષ દરમિયાન આપેલ સહકાર બદલ આભાર વ્યક્ત કરે છે. આપનું નિયામક મંડળ સ્ટેકહોલ્ડરો તેમજ ગ્રાહકોનું પણ ઋણી છે. નિયામક મંડળ નિગમના બધી જ કક્ષાના કર્મચારીઓનો તેમણે સમર્પણ અને ધગશથી કરેલ કામગીરી બદલ પણ આભાર વ્યક્ત કરે છે.

નિયામક મંડળ દ્વારા અને તેમના વતી,

સહી/-

સ્થળ : ગાંધીનગર

**(મમતા વર્મા, આઇ.એ.એસ.)**

તારીખ: ૨૮.૦૫.૨૦૧૮

**મેનેજિંગ ડિરેક્ટર**

## નિયામકના અહેવાલની પુરવણી
## વૈધાનિક અન્વેષકોના લાયક તારણો અંગે નિયામક મંડળનું નિવેદન

**મુદ્દા નં. (એ)** નિગમના નાણાકીય પત્રકો, પેઢી ચાલુ હોય તે આધારે તૈયાર કરવામાં આવેલ છે, જોકે હકીકત છે કે તેની બધી મૂડી સંપૂર્ણ રીતે ધોવાઇ ગયેલ છે અને તેની જવાબદારીઓ પૂરી કરવામાં નાણાકીય પ્રવાહિતતાની સમસ્યાના કારણે ચૂકી ગયેલ/ડિફોલ્ટેડ છે. આ હિસાબો નિયત ધોરણ (AS)-1 ''ડિસ્કલોઝર ઓફ એકાઉન્ટીંગ પોલિસીઝ'' મુજબ નથી. નાણાકીય પત્રકો પર તેની અસર આંકી શકાય તેમ નથી.

બંધારણની કેન્દ્રિય યાદીની એન્ટ્રી નં.૪૩ અન્વયે સ્ટેટ ફાઇનાન્સિયલ કોર્પોરેશન્સની રચના, સંસદ દ્વારા ખાસ અધિનિયમ તરીકે કરવામાં આવેલ છે. આથી, GSFC વૈધાનિક નિગમ છે. કંપનીઓને મળવાપાત્ર સહાય જેમકે પુનઃ સ્થાપન, પુનઃ જીવન, વહિવટ બીજી કંપની દ્વારા સંભાળી લેવો વિગેરે આ નિગમને ઉપલબ્ધ નથી. અત્યાર સુધી નિગમે ઘણી ખોટ કરી છે, જોકે વસુલાતની કામગીરી ચાલુ રાખવામાં આવેલ છે. નિગમ વૈધાનિક સંસ્થા હોવાથી, હિસાબો 'ચાલુ પેઢીના ધોરણે' તૈયાર કરે છે, અને ઉપરના સંજોગોમાં તે ઉચિત છે.

**મુદ્દા નં. (બી)** ગુજરાત સરકારને ચુકવવા પાત્ર દેવા (જો કોઈ હોય તો) પુષ્ટિ અને ગોઠવણને આધિન હોય છે. પુષ્ટી મળવાની બાકી હોવાથી તેની અસરની વ્યાજ અને દંડનીય વ્યાજની ખાતરી કરી શકાય નહીં.

ગુજરાત સરકારના બજેટમાં જોગવાઈ અને જારી થયેલા સરકારી ઠરાવોને પરિણામે સરકારી લોન મંજૂર કરવામાં આવે છે. સરકારમાં તા. ૦૧/૦૭/૨૦૧૨થી નિગમનો આપવામાં આવતી લોન વ્યાજમુક્ત કરવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ છે; જે હજી સુધી વિચારણા હેઠળ છે. સરકારનો નિર્ણય બાકી હોવાથી વ્યાજ અને દંડનીય વ્યાજ નફા અને નુકસાનના પત્રકોમાં બતાવવામાં આવે છે. બાકી રકમ અંગેની વિગતો ત્રિમાસિક ધોરણે વહીવટી વિભાગને સુપરત કરવામાં આવે છે. લોન ખાતાને સમયાંતરે અન્ય સંસ્થાઓ સાથે પણ સુસંગત કરવામાં આવ્યા છે. આથી, અલગથી પુષ્ટિ મેળવવામાં આવેલ નથી.

**મુદ્દા નં. (સી)** પક્ષકારો પાસેથી થનારી વસૂલાતને કારણે લોન અને આગોતરી ચૂકવણી પરના વ્યાજની આવકને વાસ્તવિક મળેલ રકમ તરીકે દર્શાવવામાં આવેલ નથી. આથી, માંડી વાળેલ NPA, શકમંદ દેવાની જોગવાઈ કે અન્ય નાણાકીય પત્રકોની અન્ય બાબતોની માહિતી મેળવી શકાય તેમ નથી.

OTS યોજના હેઠળ મળતા હપ્તાને દંડ, વ્યાજ અને અન્ય ચાર્જિસ અને છેલ્લે મૂડીખાતે એ રીતે વિભાજિત કરવામાં આવ્યા છે. કોઈ ખાતાની OTS હેઠળ સમય સમય પર મળેલ રકમને ઉપર બતાવ્યા મુજબ વિભાજિત કરવામાં આવેલ છે. પૂરી રીતે ભરપાઇ થયા તરીકે રકમ મળી ગયા બાદ દંડનીય વ્યાજ અને વ્યાજની રકમને તેમજ બાકી રહેતી રકમને મૂળ લોનની રકમમાં જમા કરવામાં આવે છે અને અન્ય રકમને માંડી વાળવામાં આવે છે. આથી, નફા–નુક્સાન ખાતામાં દર્શાવવામાં આવેલી વ્યાજની આવક અને માંડી વાળેલ રકમ તે ચોકક્સ વર્ષની ન પણ હોય. ટૂંકમાં વ્યાજની આવક જે કોઈ એક વર્ષમાં મળે તેની અસર તે પછીના વર્ષમાં દેખાય છે.

**મુદ્દા નં. (ડી)** ગૌણ ખાતાવહિમાં પક્ષકારોના ખાતાના બેલેન્સીસને લોન અને આગોતરી ચૂકવણીની સામાન્ય ખાતાવહિ સાથે સરખાવવામાં આવેલ નથી. આથી, લોન્સ અને આગોતરી ચૂકવણીનો ક્યાસ કાઢી શકાય તેમ નથી.

અસ્ક્યામતો અને જવાબદારીઓની મેળવણી એ ચાલુ પ્રક્રિયા છે અને જ્યારે પણ તેમાં કોઈ પણ ખામી જણાય તો જરૂરી સુધારા કરવામાં આવે છે. નિગમે ધિરાણ લેનારાઓના સરવૈયાની પુષ્ટિ મેળવવાની પ્રથા અપનાવી નથી. જરૂરી અને પૂરતી વિગતો નોંધ ૧૭માં 'હિસાબોની નોંધ' શીર્ષક હેઠળ બતાવવામાં આવેલ છે.

**મુદ્દા નં. (ઈ)** ઋણ, અન્ય જવાબદારીઓ અને જોગવાઈઓ, અન્ય અસ્ક્યામતો અને લોન્સ તથા આગોતરી ચૂકવણીઓ પુષ્ટિ અને ગોઠવણને આધિન છે. તેની નાણાકીય પત્રકો પરની અસર વિષે માહિતી મેળવી શકાય તેમ નથી.

મોટા ભાગના ખાતા ઘણા જુના છે અને તેમાં લેવડ–દેવડની વિગતો તેમજ એકમોના સરનામા પણ ઉપલબ્ધ નથી. આથી પ્રત્યેક વ્યક્તિગત પક્ષકારો પાસેથી સરવૈયાની પુષ્ટી મેળવવી ખુબ મુશ્કેલ છે. ઋણ પર સરકારના ઠરાવનું સમર્થન પ્રાપ્ત હોય છે અને એજન્સીઓ દ્વારા સમયાંતરે પુષ્ટિ કરવામાં આવે છે.

**મુદ્દા નં.(એફ)** નિગમ ગ્રેજ્યુઈટી અને રજાનું રોકડમાં રૂપાંતર રોકડથી આપવાની જોગવાઈ કરી જવાબદારી ઉભી કરે છે. ગ્રેજ્યુઈટી અને રજાનું રોકડમાં રૂપાંતરની જવાબદારીની અસર રોકડ આધારિતને બદલે વ્યાપારીક ધોરણે ગણવાની હોય છે, જેની ચોક્કસ માહિતી મેળવી શકાય તેમ નથી

નિગમની ગ્રેજ્યુઈટી અને રજાના રોકડમાં રૂપાંતરની જવાબદારીને લાઈફ ઈન્શ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાની ગ્રુપ ઈનશ્યોરન્સ પોલીસી હેઠળ આવરી લેવામાં આવેલ છે. એલઆઈસી દ્વારા પ્રિમીયમની રકમ વાર્ષિક ધોરણે વસૂલાતી હોઈ સતત પ્રક્રિયા મુજબ બંને જવાબદારીઓને રોકડ આધારે હિસાબોમાં ગણવામાં આવેલ છે.

# વહીવટી ચર્ચા અને વિશ્લેષણ

## (૧) ઔદ્યોગિક માળખું અને વિકાસ:

ગુજરાત રાજ્ય નાણાકીય નિગમની સ્થાપના સ્ટેટ ફાઇનાન્સિયલ કોર્પોરેશન એક્ટ, ૧૯૫૧ હેઠળ તા. ૧ મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્ય તથા દાદરા અને નગર હવેલીના કેન્દ્રશાસિત પ્રદેશોને નાના અને મધ્યમ કક્ષાના ઉદ્યોગોને ટૂંકા અને લાંબા ગાળાનું ધિરાણ પુરુ પાડવા માટે કરવામાં આવી હતી. નિગમે રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં પાયાની ભૂમિકા નિભાવી છે. આમ છતાં, નાણાકીય સુધારણા અને આર્થિક નીતિઓને કારણે સમય જતા બેન્કો અને અન્ય નાણાકીય સંસ્થાનોએ નાના અને મધ્યમ વર્ગના ઉદ્યોગોને ખૂબ જ આકર્ષક દરે નાણાકીય સહાય આપવાની શરૂઆત કરી દીધી. નાણાકીય વર્ષ ૨૦૦૨–૦૩ બાદ નિગમ પુરતું ભંડોળ આપી શક્યું નહીં જેને પગલે કામગીરી પર અસર પડી. નાણાકીય વર્ષ ૨૦૦૧–૦૨થી નિગમે મંજુરી અને નાણાં ફાળવણીની પ્રવૃત્તિ બંધ કરી છે અને તે લોન લેનારા પાસેથી બાકી લેણાની વસુલાત પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે.

## (૨) તકો અને પડકારોઃ

રાજ્ય ઔદ્યોગિક ક્ષેત્ર હરણફાળ ભરી રહ્યું હોઇ બહોળી તકો ઉપલબ્ધ હોવા છતાં, નિગમની નાણાકીય સ્થિતિ તેમજ આંતરિક અને બાહ્ય પરિબળોને ધ્યાને લેતા, નિગમ નજીકના ભવિષ્યમાં તેની મુખ્ય પ્રવૃત્તિ શરૂ કરી તેવી સ્થિતિમાં નથી અને આથી પ્રાપ્ય તકોનો લાભ લઇ શકાયો નથી.

મુખ્ય પ્રવૃત્તિ બંધ કર્યા બાદ હાલમાં નિગમ પોતાના બધો પ્રયત્નો ફક્ત વસૂલાત પર કેન્દ્રીત કરી રહી છે. બધા જ ચોખ્ખા ખાતા વન ટાઇમ સેટલમેન્ટ યોજનાનો લાભ આપી અથવા સામાન્ય સંજોગોમાં ભરપાઇ કરવામાં આવેલ છે. હવે નિગમ પાસે સક્રિય ન હોય તેવા અને લાંબા ગાળાથી બાકી ખાતાઓની વસૂલાતની મોટી કામગીરીનો પડકાર છે.

## (૩) કામગીરી મુજબ દેખાવ:

હાલમાં નિગમ બાકી રકમની વસૂલાત સિવાય અન્ય સેવાઓ પૂરી પાડતી ન હોઇ કામગીરી મુજબ દેખાવનું નિદર્શન શક્ય નથી.

## (૪) ભવિષ્ય:

નિગમ નજીકના ભવિષ્યમાં તેની મુખ્ય પ્રવૃત્તિની શરૂઆત કરવાનું કોઇ આયોજન ધરાવતું નથી. પ્રાપ્ય સંશાધનોનો ઉપયોગ વસૂલાતની કામગીરીમાં કરવામાં આવી રહ્યો છે. નિગમ ખર્ચમાં મહત્તમ ઘટાડો કરીને પરિણામે ખોટમાં ઘટાડો કરી સંસ્થાને જીવિત રાખવાનો લક્ષ્ય ધરાવે છે.

## (૫) જોખમો અને ચિંતાઓ:

નિગમ સંસ્થા સાથે સંકલિત સામાન્ય જોખમથી ઉપર નથી. નિગમની સૌથી મોટી ચિંતા એ છે કે પ્રાથમિક કે સમાંતર જામીનગીરી આપેલ ન હોય તેવી નોન–પરફોર્મીંગ એસેટ્સની વસૂલાત કેવી રીતે કરવી. આ મુશ્કેલીઓમાં ઘટાડો કરવા અને કસૂરદારને આકર્ષવા માટે, નિગમે સમયાંતરે વન ટાઇમ સેટલમેન્ટ યોજનાનું અમલીકરણ કરેલ છે. આથી બાકી રકમની વસૂલાત એ નિગમ માટે ચિંતાનો વિષય છે.

## (૬) આંતરિક નિયંત્રણ વ્યવસ્થા અને તેની પૂર્તતા:

નિગમ તેના કદ અને કામગીરી પ્રમાણે યોગ્ય અને પૂરતી આંતરિક નિયંત્રણ પ્રણાલિ ધરાવે છે. સંચાલક મંડળને સમયસર માહિતી મળી રહે તે હેતુંથી ઈન્ટર્નલ ઓડિટ માટે ચાર્ટડ એકાઉન્ટન્ટ્સની પેઢીની સેવાઓ લેવામાં આવે છે. જો તેઓના ધ્યાનમાં કોઇ ક્ષતિ આવે તો તે ઓડિટ સમિતિ સમક્ષ મુકવામાં આવે છે અને તેને દૂર કરવા માટેના યોગ્ય પગલા ભરવામાં આવે છે. નિગમના કદ અને કામગીરી મુજબ આંતરિક નિયંત્રણ વ્યવસ્થા પૂરતી છે, જે નિગમની કામગીરીની કાર્યક્ષમ હોવાની પૂર્તતા કરે છે.

## (૭) નાણાકીય કામગીરી:

**(રૂ. કરોડમાં)**

| વિગતો | વર્ષાંતે | |
|---|---|---|
| | **૩૧/૩/૨૦૧૮** | **૩૧/૩/૨૦૧૭** |
| કુલ આવક | ૧૭.૯૮ | ૧૮.૦૭ |
| વ્યાજ ખર્ચ | ૧૨૫.૯૮ | ૧૨૩.૬૭ |
| અન્ય ખર્ચા | ૭.૫૩ | ૧૧.૫૮ |
| ઘસારો અને કરવેરા અગાઉની ખોટ | ૧૧૫.૦૬ | ૧૧૬.૬૫ |
| ઘસારો | ૦.૪૭ | ૦.૫૩ |
| કરવેરા અગાઉની ખોટ | ૧૧૫.૫૩ | ૧૧૭.૧૮ |
| ઘસારો અને કરવેરા પછીની ખોટ | ૧૧૫.૫૩ | ૧૧૭.૧૮ |
| પાકા સરવૈયામાં લઈ જવામાં આવેલ બેલેન્સ | (૨૫૭૨.૪૩) | (૨૪૫૬.૯૧) |

## (૮) માનવ સંશાધનોમાં ભૌતિક વિકાસ:

સંદર્ભિત વર્ષ દરમિયાન માનવ સંશાધનોમાં કે ઔદ્યોગિક સંબંધો ક્ષેત્રે કોઇ ભૌતિક વિકાસ જોવા મળેલ નથી. ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ નિગમનું મહેકમ પાછલા વર્ષના ૬૧ ને બદલે ૫૫ નું થઇ ગયું છે.

## (૯) ચેતવણીદર્શક નિવેદન:

નિગમના હેતુ, આયોજનો, અંદાજો અને અપેક્ષાઓ દર્શાવતા વહીવટી ચર્ચા અને વિશ્લેષણ વિભાગમાં આપવામા આવેલા નિવેદનો લાગુ પડતા કાયદા અને નિયંત્રણો હેઠળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને આપવામાં આવેલા હોઈ શકે. વાસ્તવિક પરિણમો તેની અલગ આવે તેવી સંભાવના રહેલી છે.

# કોર્પોરેટ ગવર્નન્સ પરનો અહેવાલ

## ૧: કોર્પોરેટ ગવર્નન્સની ફિલસૂફી :

નિગમની કોર્પોરેટ ગવર્નન્સની ફિલસૂફી આત્મવિશ્વાસ અને વિશ્વાસના સર્જન માટે ખૂબ મહત્વની બાબત છે જે નિગમ અને તેના હિસ્સેદારો, ગ્રાહકો અને તેની સાથે જોડાયેલા અન્ય લોકો સાથે મજબૂત અને સ્થિર ભાગીદારી તરફ દોરી જાય છે. નિગમની કોર્પોરેટ ગવર્નન્સ પોલિસી આંતરિક તેમજ નિગમની બહાર ગ્રાહકો, કર્મચારીઓ, રોકાણકારો, સ્પર્ધકો, સરકાર અને સમાજ સાથેના વ્યવહારમાં સર્જનાત્મકતા, સહકાર, વિશ્વસનિયતા, પ્રામાણિકતા અને નિયમ પાલનની ભાવના ઉભી કરે છે.

## ૨: નિયામક મંડળ :

### નિયામક મંડળની રચના :

ગુજરાત રાજ્ય નાણાકીય નિગમની સ્થાપના સ્ટેટ ફાઈનાન્સિયલ કોર્પોરેશન એક્ટ, ૧૯૫૧ હેઠળ થઈ હોવાથી, આ એક્ટની કલમ ૧૦ મુજબ નિયામક મંડળની રચના કરવામાં આવી છે. ઉક્ત કલમ વિવિધ વર્ગના શેરધારકોના પ્રતિનિધીત્વ દ્વારા નિયામક મંડળની રચના દર્શાવે છે. ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ, નિયામક મંડળમાં સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલોપમેન્ટ બેન્ક ઓફ ઈન્ડિયા તરફથી નામાંકિત અધ્યક્ષ, ગુજરાત સરકાર અને સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલોપમેન્ટ બેન્ક ઓફ ઈન્ડિયા એમ બંને તરફથી નામાંકિત એક–એક નિયામક અને ગુજરાત સરકાર દ્વારા નિમવામાં આવેલ મેનેજિંગ ડિરેક્ટરનો સમાવેશ થાય છે.

સમગ્ર વર્ષ દરમિયાન નિયામક મંડળની રચના, વર્ષ દરમિયાન અન્ય કંપનીઓમાં ડિરેક્ટરશીપ/સમિતીમાં સ્થાન, યોજાયેલ બેઠકની સંખ્યા વગેરેની વિગતો નીચે મુજબ છેઃ

| ક્રમ | નિયામકનું નામ અને કક્ષા | બેઠકોની સંખ્યા | | | અન્યત્ર ડિરેક્ટરશીપ | અન્ય કંપનીઓના બોર્ડની સમિતીમાં સભ્યપદ | |
|---|---|---|---|---|---|---|---|
| | | કાર્યકાળ દરમિયાન યોજાયેલ બેઠકો | હાજરી | છેલ્લી વાર્ષિક સાધારણ સભામાં હાજરી | | સભ્ય | અધ્યક્ષ |
| ૧ | *શ્રી પી.કે. તનેજા, IAS (નિ.) (૧૮.૧૦.૨૦૧૬થી ૧૫.૦૫.૨૦૧૭ સુધી મેનેજિંગ ડિરેક્ટર અને ૫.૧૨.૨૦૧૬થી ૩૦.૦૫.૨૦૧૭ સુધી અધ્યક્ષ) ગુજરાત સરકાર અને SIDBI તરફથી નામાંકન | ૧ | ૧ | લાગુ પડતુ નથી. | લાગુ પડતુ નથી. | લાગુ પડતુ નથી. | લાગુ પડતુ નથી. |

| ક્રમ | નિયામકનું નામ અને કક્ષા | બેઠકોની સંખ્યા | | | અન્યત્ર ડિરેક્ટરશીપ | અન્ય કંપનીઓના બોર્ડની સમિતીમાં સભ્યપદ | |
|---|---|---|---|---|---|---|---|
| | | કાર્યકાળ દરમિયાન યોજાયેલ બેઠકો | હાજરી | છેલ્લી વાર્ષિક સાધારણ સભામાં હાજરી | | સભ્ય | અધ્યક્ષ |
| ૨ | શ્રી મનોજ કુમાર દાસ, IAS (૩૧.૫.૨૦૧૭થી) એસએફસી એક્ટ, ૧૯૫૧ની કલમ ૧૫ મુજબ તેમજ ૧૦(એ)ને વંચાણે લેતા SIDBI દ્વારા નામાંકિત | ૩ | ૩ | ગેરહાજર | ૧૧ | શૂન્ય | શૂન્ય |
| ૩ | શ્રીમતી મમતા વર્મા, IAS (૨૯.૬.૨૦૧૫થી ડિરેક્ટર અને ૧૬.૫.૨૦૧૭થી મેનેજિંગ ડિરેક્ટર) એસએફસી એક્ટ, ૧૯૫૧ની કલમો ૧૦(બી) અને ૧૭(૧) મુજબ રાજ્ય દ્વારા નામાંકિત | ૪ | ૪ | ગેરહાજર | ૧૧ | શૂન્ય | શૂન્ય |
| ૪ | શ્રી સી. જે. મેકવાન* (૧૩.૭.૨૦૧૭ સુધી) એસએફસી એક્ટ, ૧૯૫૧ની કલમ ૧૦(બી) હેઠળ રાજ્ય સરકાર દ્વારા નામાંકિત | ૧ | ૧ | લાગુ પડતુ નથી. | ૪ | ૪ | શૂન્ય |
| ૫ | શ્રી હર્બર્ટ ક્રિશ્ચિયન (૧૪.૭.૨૦૧૭થી) એસએફસી એક્ટ, ૧૯૫૧ની કલમ ૧૦(બી) હેઠળ રાજ્ય સરકાર દ્વારા નામાંકિત | ૩ | ૩ | ગેરહાજર | ૧૦ | શૂન્ય | શૂન્ય |

| ક્રમ | નિયામકનું નામ અને કક્ષા | બેઠકોની સંખ્યા | | | અન્યત્ર ડિરેક્ટરશીપ | અન્ય કંપનીઓના બોર્ડની સમિતીમાં સભ્યપદ | |
|---|---|---|---|---|---|---|---|
| | | કાર્યકાળ દરમિયાન યોજાયેલ બેઠકો | હાજરી | છેલ્લી વાર્ષિક સાધારણ સભામાં હાજરી | | સભ્ય | અધ્યક્ષ |
| ૬ | શ્રી પ્રમોદ કુમાર વિજયવર્ગીય (૨૫.૭.૨૦૧૬થી) એસએફસી એક્ટ, ૧૯૫૧ની કલમ ૧૦(બી) હેઠળ SIDBI દ્વારા નામાંકિત | ૪ | ૩ | હાજર | ૧ | શૂન્ય | શૂન્ય |

ફક્ત ઓડિટ કમિટિ અને સ્ટેકહોલ્ડર્સ રિલેશનશીપ કમિટિ

* વર્ષ દરમિયાન મેનેજિંગ ડિરેક્ટર અને ડિરેક્ટર તરીકે રહેલ નથી.

કોઇ પણ નિયામકો એક–બીજા સાથે કે નિગમમાં ચાવીરૂપ પદ ધરાવતા વ્યક્તિ સાથે કોઇ સંબંધ ધરાવતા નથી.

**નિયામક મંડળના બંધારણમાં ફેરફાર:**

સંદર્ભ તળેના વર્ષ દરમિયાન, સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલોપમેન્ટ બેન્ક ઓફ ઇન્ડિયા, મુંબઇએ ૩૧મી મે, ૨૦૧૭ના રોજના પત્ર દ્વારા એસએફસી એક્ટ, ૧૯૫૧ની કલમ ૧૫(૧) હેઠળ તેમજ કલમ ૧૦(એ)ને ધ્યાને લેતા નિગમના બોર્ડના અધ્યક્ષ તરીકે શ્રી મનોજ કુમાર દાસ, આઇએએસની નિમણુંક કરી છે. આ ઉપરાંત નાણાં વિભાગના તા. ૧૪.૦૭.૨૦૧૭ના રોજના કાર્યાલય આદેશ દ્વારા નાણાકીય સલાહકાર શ્રી હર્બર્ટ ક્રિશ્ચયનની શ્રી સી. જે. મેકવાનના સ્થાને કંપનીના ડિરેક્ટર તરીકે નિમણુંક કરવામાં આવી હતી. વર્ષ દરમિયાન બોર્ડ સાથે જોડાયેલ નિયામકોની વિગત નીચે મુજબ છેઃ

### ૧. શ્રી મનોજ કુમાર દાસ, આઇએએસ (નિ.)

૫૧ વર્ષીય શ્રી મનોજ કુમાર દાસ વર્ષ ૧૯૯૦ના ગુજરાત કેડરના વરિષ્ઠ આઇએએસ ઓફિસર છે. તેઓ આઇઆઇટી, ખડગપુરથી કોમ્પ્યુટર સાયન્સમાં બી.ટેકની ડીગ્રી ધરાવે છે. તા. ૩૧મી મે, ૨૦૧૭ના રોજના સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ ડેવલોપમેન્ટ બેન્ક ઓફ ઇન્ડિયા, મુંબઇ દ્વારા તેમની નિમણુંક નિગમના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના અધ્યક્ષ તરીકે કરવામાં આવી છે. તેઓ ગુજરાત સરકારમાં જિલ્લા વિકાસ અધિકારીથી માંડી અગ્ર સચિવ સુધી વિવિધ પદો પર કામગીરીનો ૨૮ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે. તેઓએ ભારત સરકારના ગૃહ વિભાગમાં જમ્મુ એન્ડ કાશ્મીર બાબતોના ડિરેક્ટર તરીકે પણ કામગીરી બજાવી છે. હાલમાં તેઓ ગુજરાત માનનીય મુખ્યમંત્રીના અગ્ર સચિવ તરીકેની ફરજ નિભાવી રહ્યા છે અને સાથેસાથે ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગનો પણ હવાલો સંભાળે છે. શ્રી દાસને વર્ષ ૧૯૯૯માં ગ્રામીણ વિકાસમાં શ્રેષ્ઠ દેખાવ બદલ

ગવર્નર પાસેથી એવોર્ડ મળ્યો હતો અને સુરત તથા વડોદરાના મ્યુનિસિપલ કમિશનર તરીકેની કામગીરી દરમિયાન તેમને વિવિધ ક્ષેત્રના ૮ રાષ્ટ્રીય એવોર્ડ પણ મળી ચૂક્યા છે. તેઓ નિગમમાં કોઇ શેર ધરાવતા નથી અને નિગમના કોઇ ડિરેક્ટર કે અન્ય મહત્ત્વના કર્મચારીઓ સાથે સંબંધ ધરાવતા નથી.

**૨. શ્રી હર્બર્ટ ક્રિશ્ચિયન :**

શ્રી હર્બર્ટ ક્રિશ્ચિયન ૫૨ વર્ષના છે અને આર્ટ્સમાં અનુસ્નાતક અને એલએલ.બી.ની ડીગ્રી ધરાવે છે. તેઓએ કોઇ પણ ભારતીય યુનિવર્સિટીમાં ગુજરાતી સાહિત્ય ભણાવવા માટે જરૂરી એવી ગુજરાતી લિટરેચર એન્ટ્રેન્સ એક્ઝામિનેશન યુજીસી નેટ પણ પાસ કરેલ છે. તેઓ નોન–સેક્રેટેરિયટ કેડરમાં પાંચ વર્ષ અને સેક્રેટેરિયટ કેડરમાં ૩૦ વર્ષનો અનુભવ ધરાવે છે. તેઓ સામાન્ય વહીવટ વિભાગ, નાણાં વિભાગ અને ગુજરાત સરકારના અન્ય વિભાગોમાં સેવા આપી ચૂક્યા છે. તેઓ નિગમમાં સ્ટેકહોલ્ડર્સ રિલેશનશીપ કમિટિના અધ્યક્ષ તથા ઓડિટ કમિટિના સભ્ય છે. તેઓ ગુજરાત સરકારની અન્ય દસ કંપનીઓમાં ડિરેક્ટર છે. તેઓ વ્યક્તિગત રીતે નિગમમાં કોઇ શેર ધરાવતા નથી અને નિગમના કોઇ ડિરેક્ટર કે અન્ય મહત્ત્વના કર્મચારીઓ સાથે સંબંધ ધરાવતા નથી.

**નિયામક મંડળની બેઠકો :**

૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ પૂર્ણ થયેલા નાણાકીય વર્ષ દરમિયાન, ૨૬મી મે, ૨૦૧૭, ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૭, ૧૬મી નવેમ્બર, ૨૦૧૭ અને ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૮ એમ કુલ ચાર બેઠકો યોજાઇ હતી.

**૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ નિયામકો નિગમના ઈક્વિટી શેર ધરાવતા હોય તેની વિગતઃ**

નિગમના કોઇ પણ નિયામક નિગમના ઈક્વિટી શેર ધરાવતા નથી.

**૩. ઓડિટ સમિતિ**

**કામગીરીની શરતો:**

નિગમની ઓડિટ સમિતિની કામગીરીની શરતોમાં સેબી રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના પરિશિષ્ટ II ના ભાગ C સાથેના રેગ્યુલેશન ૧૮ (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયર્મેન્ટ)માં નિયત કરાયેલ બાબતોને પણ આવરી લેવામાં આવી છે, જે નાણાકીય રિપોર્ટીંગ પ્રક્રિયા અને આંતરિક તેમજ બાહ્ય ઓડિટ પરિણામો પર દેખરેખ સાથે સંકળાયેલી બાબત છે.

**બંધારણ – સભ્યો અને અધ્યક્ષના નામ:**

ઓડિટ સમિતિનું બંધારણ, સભ્યોના નામ અને બેઠકમાં હાજરી અંગેની વિગતો નીચે મુજબ છે:-

| નામ | હોદ્દો | બેઠકની સંખ્યા | |
|---|---|---|---|
| | | યોજાયેલ | હાજરી |
| શ્રી પ્રમોદ કુમાર વિજય વર્ગીય | અધ્યક્ષ | ૪ | ૩ |
| શ્રી સી. જે. મેકવાન* | સભ્ય | ૧ | ૧ |
| શ્રી હર્બર્ટ ક્રિશ્ચિયન | સભ્ય | ૩ | ૩ |
| શ્રીમતી મમતા વર્મા, IAS | સભ્ય | ૩ | ૩ |

*ગુજરાત સરકારના નાણાં વિભાગના શ્રી હર્બર્ટ ક્રિશ્ચિયનની ૧૪ જુલાઇ, ૨૦૧૭થી નિગમના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં નિમણુંક કરવામાં આવતા તેઓ ઓડિટ કમિટિમાં શ્રી સી. જે. મેકવાનને સ્થાને સભ્ય પણ બન્યા છે.

વર્ષ ૨૦૧૭–૧૮ દરમિયાન, ઓડિટ કમિટિ ૨૬મી મે, ૨૦૧૭, ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૭, ૧૬મી નવેમ્બર, ૨૦૧૭ અને ૯મી ફેબ્રુઆરી, ૨૦૧૮ એમ કુલ ચાર વખત મળી હતી.

બોર્ડના સચિવ, ઓડિટ સમિતિના સચિવ તરીકે કામગીરી નિભાવે છે.

**૪. નામાંકન અને વળતર સમિતિ :**

નિગમનું નિયામક મંડળ રાજ્ય સરકાર અને સિડબી દ્વારા નામાંકિત સભ્યોનું બનેલું છે. જીએસએફએસના સામાન્ય નિયમો મુજબ તેઓ કોઇ વળતર કે સિટીંગ ફી મેળવવા માટે હકદાર નથી. મેનેજિંગ ડિરેક્ટર નિગમનો વધારાનો હવાલો સંભાળતા હોવાથી સંદર્ભિત વર્ષ દરમિયાન તેમને કોઇ પગાર કે વળતર ચૂકવવામાં આવેલ નથી. આમ છતાં, નિવૃત્ત આઇએસએસ અધિકારી શ્રી પી. કે. તનેજાને નિગમના મેનેજિંગ ડિરેક્ટર તરીકેનો વધારાનો હવાલો સંભાળવા બદલ વર્ષ દરમિયાન રૂ.૧૬૦૦૦ ચાર્જ એલાઉન્સ આપેલ છે. કર્મચારીઓને સંબંધ છે ત્યાં સુધી તેમના પગાર અને ભથ્થાને રાજ્ય સરકારના કર્મચારીઓને પ્રાપ્ય લાભો સાથે જોડવામાં આવેલ છે. આથી, નિગમે નામાંકન અને વળતર સમિતિની રચના કરેલ નથી.

**૫. સંદર્ભિત વર્ષ દરમિયાન, નિયામકોને કોઇ વળતર કે સિટીંગ ફી ચૂકવવામાં આવેલ નથી.**

**૬. હિતધારકોની ફરિયાદ સમિતિ :**

રોકાણકારોની ફરિયાદો પર દેખરેખ અને તેની સમીક્ષા માટે હિતધારકોની ફરિયાદ સમિતિની રચના કરવામાં આવી છે. ૩૧.૦૩.૨૦૧૮ના રોજ આ સમિતિમાં નીચેના સભ્યો સામેલ છે. :-

| | | |
|---|---|---|
| i. | શ્રી હર્બર્ટ ક્રિશ્ચિયન,<br>નિયામક | - અધ્યક્ષ |
| ii. | શ્રી એન.એસ. ભાટિયા<br>એક્ઝિ. ઓફિસર (એકાઉન્ટ્સ) | - સભ્ય |
| iii | શ્રી રવિન્દ્રન નાયર<br>સચિવ (બોર્ડ) | - સભ્ય અને કન્વિનર |

સંદર્ભિત વર્ષ દરમિયાન, રોકાણકારોની ફરિયાદો અને તબદીલીની મંજુરી, ડિમટીરીયલાઇઝેશન વગેરેને લગતી બાબતો અંગે નિર્ણય લેવા હિતધારકોની ફરિયાદ સમિતિની બેઠક વારંવાર યોજવામાં આવી છે. સમીક્ષા હેઠળના વર્ષિ દરમિયાન સમિતિની બેઠક એકવીસ વખત યોજાઇ હતી. સમિતિએ વર્ષ દરમિયાન ૪૨૦૦ શેરનું ડિમટીરીયલાઇઝેશન અને ૨૦૦ શેરની તબદીલીને મંજુરી આપેલ છે.

બોર્ડના સચિવ શેરધારકો અને રોકાણકારોની ફરિયાદોના નિવારણ માટે કમ્પલાયન્સ ઓફિસર તરીકે કાર્યરત છે.

શેરધારકોની ફરિયાદો અને તેના નિવારણ દર્શાવતું પત્રક:

| | | |
|---|---|---|
| વર્ષના આરંભમાં ફરિયાદોની સંખ્યા | : | શૂન્ય |
| વર્ષ દરમિયાન મળેલ ફરિયાદોની સંખ્યા | : | ૨ |
| વર્ષ દરમિયાન નિકાલ કરેલ ફરિયાદોની સંખ્યા | : | ૨ |
| વર્ષાંતે અનિર્ણિત ફરિયાદોની સંખ્યા | : | શૂન્ય |

## ૭. સામાન્ય સભાની બેઠક

એ) છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન મળેલ નિગમની વાર્ષિક સાધારણ સભાના સ્થળ અને સમયની વિગતો નીચે મુજબ છે:-

| વર્ષ | તારીખ | સમય | એજીએમનું સ્થળ |
|---|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૩૦-૧૦-૨૦૧૫ | સાંજે ૪.૦૦ વાગ્યે | અધ્યક્ષની ઓફિસ, મુખ્ય કચેરી, ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૧૦, પહેલો માળ, સેક્ટર–૧૧, ગાંધીનગર |
| ૨૦૧૫-૧૬ | ૧૭-૦૯-૨૦૧૬ | સાંજે ૫.૦૦ વાગ્યે | અધ્યક્ષની ઓફિસ, મુખ્ય કચેરી, ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૧૦, પહેલો માળ, સેક્ટર–૧૧, ગાંધીનગર |
| ૨૦૧૬-૧૭ | ૧૯-૦૯-૨૦૧૭ | બપોરે ૩.૦૦ વાગ્યે | અધ્યક્ષની ઓફિસ, મુખ્ય કચેરી, ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૧૦, પહેલો માળ, સેક્ટર–૧૧, ગાંધીનગર |

બી) છેલ્લી ત્રણ એજીએમમાં કોઇ વિશેષ ઠરાવ પસાર કરવામાં આવેલ નથી.

સી) છેલ્લી એજીએમ દરમિયાન, ટપાલ મતપત્રથી કોઇ વિશેષ ઠરાવ પસાર કરવામાં આવેલ નથી.

ડી) સંદર્ભિત વર્ષ દરમિયાન, ટપાલ મતપત્રથી કોઇ ખાસ ઠરાવ પસાર કરવાની દરખાસ્ત થયેલ નથી.

## ૮. સંદેશાવ્યવહારનું માધ્યમ

એ) SEBI (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ મુજબ ત્રિમાસિક/અર્ધવાર્ષિક અને વાર્ષિક પરિણામો સામાન્ય રીતે સમાચાર પત્ર ફાઇનાન્સિયલ એક્સપ્રેસની અમદાવાદથી પ્રકાશિત થતી અંગ્રેજી અને ગુજરાતી આવૃત્તિમાં છપાવવામાં આવે છે.

બી) આ પરિણામો કંપનીની વેબસાઇટ : www.gsfc.gujarat.gov.in પર પણ અપલોડ કરવામાં આવે છે.

સી) અધિકૃત ન્યૂઝ રિલીઝ કરાય છે કે નહીં – લાગુ પડતું નથી.

ડી) સંદર્ભિત વર્ષ દરમિયાન, નિગમે સંસ્થાકીય રોકાણકારો કે વિશ્લેષકો સમક્ષ કોઇ પ્રઝન્ટેશન કરેલ નથી.

## ૯. શેરધારકો માટે સામાન્ય માહિતી

| | |
|---|---|
| એ) વાર્ષિક સાધારણ સભાની તારીખ, સમય અને સ્થળ: | શુક્રવાર, ૧૪મી સ્પ્ટેમ્બર, ૨૦૧૮ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે, અધ્યક્ષશ્રીની ઓફીસ, મુખ્ય કચેરી ઉદ્યોગ ભવન, બ્લકો નં. ૧૦, સેકટર–૧૧, ગાંધીનગર –૩૮૨૦૧૦ |
| બી) નાણાકીય વર્ષ | : ૧ એપ્રિલથી ૩૧ માર્ચ |

સી) ડિવિડન્ડ ચૂકવ્યા તારીખ : લાગુ પડતું નથી

ડી) સ્ટોક-એક્ષ્ચેન્જ પર લિસ્ટીંગ : BSE લિમિટેડ
૨૫મો માળ,
ફિરોઝ જીજીભોય ટાવર્સ
દલાલ સ્ટ્રીટ, ફોર્ટ
મુંબઇ ૪૦૦ ૦૦૧
નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ માટેની લિસ્ટીંગ ફી
તા. ૦૯.૦૪.૨૦૧૮નો રોજ ચૂકવવામાં આવેલ છે

ઇ) સ્ટોક કોડ : ૫૩૨૧૬૦

**એફ) બજાર કિંમતની વિગતો :**

**નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ દરમિયાન ટ્રેડ થયેલા શેરની ઉપર અને નીચેની સપાટી નીચે મુજબ હતી:**

| **મહિનો** | **ઉપર (રૂ.)** | **નીચે (રૂ.)** | **સંખ્યા** |
|---|---|---|---|
| એપ્રિલ, ૨૦૧૭ | ૩.૩૦ | ૨.૭૧ | ૨૯૭૦૦ |
| મે, ૨૦૧૭ | ૩.૫૮ | ૨.૮૧ | ૨૨,૬૦૦ |
| જુન, ૨૦૧૭ | ૩.૧૨ | ૨.૬૮ | ૪,૦૦૦ |
| જૂલાઇ, ૨૦૧૭ | ૩.૨૭ | ૨.૯૭ | ૭,૪૦૦ |
| ઓગસ્ટ, ૨૦૧૭ | ૩.૬૦ | ૩.૨૮ | ૫,૨૦૦ |
| સપ્ટેમ્બર, ૨૦૧૭ | ૩.૮૮ | ૩.૪૨ | ૩,૧૦૦ |
| ઓક્ટોબર, ૨૦૧૭ | ટ્રેડિંગ થયેલ નથી | | |
| નવેમ્બર, ૨૦૧૭ | ૩.૯૦ | ૩.૭૦ | ૮,૯૦૦ |
| ડિસેમ્બર, ૨૦૧૭ | ટ્રેડિંગ થયેલ નથી | | |
| જાન્યુઆરી, ૨૦૧૮ | ૪.૨૦ | ૩.૮૮ | ૪,૨૦૦ |
| ફેબ્રુઆરી, ૨૦૧૮ | ૩.૭૧ | ૩.૨૦ | ૭,૧૦૦ |
| માર્ચ, ૨૦૧૮ | ૩.૨૦ | ૨.૭૫ | ૨,૯૦૦ |

**જી) <u>રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ્સ</u>**

મે. એમસીએસ શેર ટ્રાન્સફર એજન્ટ લિ.
૨૦૧,શતદલ કોમ્પ્લેક્ષ, બીજો માળ,
બાટા શોરૂમની સામે, આશ્રમ રોડ,
અમદાવાદ – ૩૮૦૦૦૯
ફોન (૦૭૯) ૨૬૫૮૦૪૬૧/૨/૩
ફેક્ષ (૦૭૯) ૨૬૫૮૧૨૯૬
ઇ–મેલ: mcsstaahmd@gmail.com

## એચ) શેર ટ્રાન્સફરની પદ્ધતિ :

શેરોની તબદીલીની મંજુરી આપવા તેમજ રોકાણકારની ફરિયાદો સહિતના જામીનગીરીને લગતી બાબતો માટે નિયામક મંડળે અધ્યક્ષ તરીકે એક નિયામક અને અન્ય બે અધિકારીઓ ધરાવતી શેરધારકોને લગતી સમિતિની રચના કરેલ છે. કામકાજના ઝડપી નિકાસ માટે આ સમિતિ વારંવાર મળે છે.

## આઈ) ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ સંખ્યા પ્રમાણે શેરહોલ્ડીંગની ફાળવણી

| ધારણ કરેલ શેરની સંખ્યા | ફોલિયોની સંખ્યા | % ધારકો | ધારણ કરેલ શેરની સંખ્યા | % શેર |
|---|---|---|---|---|
| ૧ – ૫૦૦ | ૬૫૬૯ | ૭૮.૫૩૯૦ | ૧૪,૫૮,૫૫૦ | ૧.૬૩૬૭ |
| ૫૦૧-૧૦૦૦ | ૮૪૯ | ૧૦.૧૫૦૬ | ૭,૯૧,૫૦૪ | ૦.૮૮૮૨ |
| ૧૦૦૧-૨૦૦૦ | ૩૮૭ | ૪.૬૨૭૦ | ૬,૪૬,૫૦૦ | ૦.૭૨૫૫ |
| ૨૦૦૧-૩૦૦૦ | ૧૪૩ | ૧.૭૦૯૭ | ૩,૭૦,૭૭૮ | ૦.૪૧૬૧ |
| ૩૦૦૧-૪૦૦૦ | ૫૫ | ૦.૬૫૭૬ | ૧,૯૯,૭૦૦ | ૦.૨૨૪૧ |
| ૪૦૦૧-૫૦૦૦ | ૧૧૪ | ૧.૩૬૩૦ | ૫,૫૧,૮૪૮ | ૦.૬૧૯૩ |
| ૫૦૦૧-૧૦૦૦૦ | ૧૦૮ | ૧.૨૯૧૨ | ૮,૧૯,૭૧૦ | ૦.૯૧૯૮ |
| ૧૦૦૦૧-૫૦૦૦૦ | ૧૧૧ | ૧.૩૨૭૧ | ૨૩,૮૨,૪૫૦ | ૨.૬૭૩૫ |
| ૫૦૦૦૧-૧૦૦૦૦૦ | ૧૧ | ૦.૧૩૧૫ | ૮,૨૪,૮૧૦ | ૦.૯૨૫૬ |
| ૧૦૦૦૦૧ અને વધુ | ૧૭ | ૦.૨૦૩૩ | ૮,૧૦,૬૮,૧૫૦ | ૯૦.૯૭૧૩ |
| **કુલ** | **૮૩૬૪** | **૧૦૦.૦૦** | **૮,૯૧,૧૪,૦૦૦** | **૧૦૦.૦૦** |

## જે) ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ માલિકી પ્રમાણે શેરહોલ્ડીંગની ફાળવણી

### (SFCs એક્ટ, ૧૯૫૧ની કલમ ૪ અને ૪એ મુજબ)

| ક્રમ | શેરહોલ્ડીંગની વિગત | ધારણ કરેલ શેરની સંખ્યા(પ્રતિ રૂ..૧૦/-) | શેરની ટકાવારી |
|---|---|---|---|
| ૧ | ગુજરાત સરકાર | | |
| | “એ” શ્રેણીના શેર | ૪,૭૨,૬૦,૦૦૦ | ૫૩.૦૩ |
| | “સી” શ્રેણીના શેર | ૨૫૦ | - |
| | “ડી” શ્રેણીના શેર | ૩૦,૧૫૦ | ૦.૦૩ |
| | શેરની વિશેષ શ્રેણી | ૧૮,૦૦,૦૦૦ | ૨.૦૨ |
| ૨ | સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ડેવલોપમેન્ટ બેન્ક ઓફ ઈન્ડિયા | | |
| | “બી” શ્રેણીના શેર | ૨,૪૬,૨૦,૦૦૦ | ૨૭.૬૩ |
| | શેરની વિશેષ શ્રેણી | ૭,૦૦,૦૦૦ | ૦.૭૯ |
| ૩ | શિડ્યુલ્ડ બેન્કો, સહકારી બેન્કો, વિમા કંપનીઓ | | |
| | “સી” શ્રેણીના શેર | ૪,૦૦,૦૦૦ | ૦.૪૫ |
| ૪ | અન્ય (જાહેર શેરધારકો) | | |
| | “ડી” શ્રેણીના શેર | ૧,૪૩,૦૩,૬૦૦ | ૧૬.૦૫ |
| | **કુલ** | **૮,૯૧,૧૪,૦૦૦** | **૧૦૦.૦૦** |

### કે) ડિમટીરીયલાઇઝેશન અને તરલતા :

SFCs Act, ૧૯૫૧ની કલમ ૪(૩)(ડી) મુજબ ૩૧.૦૩.૨૦૧૮ના રોજ જારી કરવામાં આવેલા "ડી" શ્રેણીના ૧,૪૩,૦૩,૬૦૦ શેરમાંથી, ૯૧,૯૪,૧૪૦ શેર ઈલેક્ટ્રોનિક મોડમાં ધરાવવામાં આવ્યા છે, જેમાં "ડી" શ્રેણીના ૬૪.૨૮ ટકા શેરનો સમાવેશ થાય છે.

### એલ) બાકી GDRs/ADRs/વોરન્ટ્સ અથવા કન્વર્ટિબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ, રૂપાંતરની તારીખ અને ઇક્વિટી પર શક્ય અસર:

નિગમે કોઇ GDRs/ADRs/વોરન્ટ્સ કે કોઇ કન્વર્ટિબલ ઇન્સ્ટ્રુમેટન્સ બહાર પાડ્યા નથી.

**એમ)** કોમોડિટીના ભાવનું જોખમ કે વિદેશી વિનીમયનું જોખમ - શૂન્ય

**એન)** પ્લાન્ટનું સરનામું : લાગુ પડતું નથી

પ્રાદેશિક કચેરીઓ : ગાંધીનગર, સૂરત અને રાજકોટ

### ઓ) પત્રવ્યવહારનું સરનામું :

ધી કમ્પ્લાયન્સ ઓફિસર

ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ,

સેક્રેટરિટલ સેલ,

ઉદ્યોગ ભવન બ્લોક નં.૧૦, સેક્ટર–૧૧,

ગાંધીનગર – ૩૮૨ ૦૧૭

ફોન : ૦૭૯-૨૩૨૫૬૭૬૬ ફેક્ષ: ૦૭૯-૨૩૨૫૨૨૦૪

ઇ–મેલ : sec-cell-gsfc@gujarat.gov.in

### ૧૦) અન્ય સ્પષ્ટતા કે જાહેરાતો:

(એ) નિગમમાં હિત ધરાવતી હોય તેવી કોઈ પાર્ટી સાથે કોઈ મહત્વની લેવડ–દેવડ કરવામાં આવેલ

(બી) નિગમની સ્થાપના SFCs એક્ટ, ૧૯૫૧ હેઠળ કરવામાં આવેલ છે, આથી તે કંપની અધિનિયમ ૨૦૧૩ હેઠળ કંપની નથી. SEBI (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન, ૨૦૧૫ના નિયમ ૧૫ (૨)(બી)ના પરંતુક હેઠળ તેને મુક્તિ આપવામાં આવેલ છે કે જેઓ લિસ્ટડ એન્ટિટિઝ છે પરંતુ કંપની નથી. નિગમે લિસ્ટિંગ જરૂરિયાતની પૂર્તતા એટલી કરી છે કે SFCs એક્ટ, ૧૯૫૧ અને તે હેઠળના નિયમોની જોગવાઈઓનો ભંગ ન થાય.

સી) ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળાના નાણાકીય પરિણામો રજુ કરવામાં વિલંબ થવાથી નિગમે ૨.૧.૨૦૧૮ના રોજના પત્ર મુજબ બીએસઇ લિમિટેડને રૂ. ૧૧,૮૦૦ની રકમ ચૂકવી આપેલ છે. છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન, નિગમ પર સ્ટોક એક્સચેન્જ, સેબી કે અન્ય કાનૂની સત્તામંડળ દ્વારા કોઇ દંડ લાદવામાં આવેલ નથી.

ડી) નિગમે નિયામકો અને કર્મચારીઓની અનૈતિક વર્તણૂક વાસ્તવિક અથવા શંકાસ્પદ છેતરપિંડી અથવા ગેરવર્તન માટે પોતાનું તકેદારી તંત્ર તૈયાર કરેલ છે. નિગમમાં વ્હીસલ બ્લોઅર પોલિસી અમલમાં છે. વર્ષ દરમ્યાન કોઈપણ વ્યકિતને ઓડિટ કમિટિનો સંપર્ક સાધવાથી રોકવામાં આવેલ નથી.

ઇ) નિગમે બધી કાયદાકીય જોગવાઈઓનો એવી રીતે અમલ કરે છે કે જેથી જે કાયદાની જોગવાઇ મુજબ તેની સ્થાપના કરવામાં આવી છે તેનો ભંગ ન થાય.

એફ) નિગમની આચારસંહિતા નીતિ અન્વયે નિયામકો અને વરિષ્ઠ અધિકારીઓ એ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮ દરમિયાન આચારસંહિતાનો અમલ કર્યો છે તેવી પૂર્તતા મેનેજિંગ ડાયરેક્ટરશ્રીએ પોતાની સહી હેઠળ કરી છે જે આ અહેવાલનો એક ભાગ છે.

## આચાર સંહિતા અંગેનું જાહેરનામું

રેગ્યુલેશન ૩૪ (૩) અન્વયે તેમજ SEBI (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના પરિશિષ્ટ-V ના ભાગ Dને વંચાણે લેતા, હું જાહેર કરૂ છું કે ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજ પૂરા થયેલા વર્ષ માટે નિયામક મંડળના બધા જ નિયામકો અને નિગમના વરિષ્ઠ અધિકારીઓએ નિગમની આચાર સંહિતાનું પાલન કરેલ છે.

**સ્થળ : ગાંધીનગર** **(મમતા વર્મા, IAS)**

**તારીખ : ૨૫-૦૪-૨૦૧૮** **મેનેજિંગ ડિરેક્ટર**

**કિશોર દુધાત્રા**

કંપની સેક્રેટરીઝ

બી.બી.એ., એફ.સી.એસ.

બી–૩૧૪, ગોપાલ પેલેસ, ઓશિયન પાર્ક સામે, શીરોમણી કોમ્પલેક્ષ નજીક, શીવરંજની નેહરૂનગર રોડ,

અમદાવાદ–૩૮૦ ૦૧૫.

ફોનઃ (ઓ) 40041451, (મો) ૯૮૨૫૦ ૧૨૯૬૦,

Email: ksdudhatra@yahoo.com

**સિક્યોરિટીઝ એક્ષ્ચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા(લીસ્ટીંગની જવાબદારી અને જાહેરાત કરવાની આવશ્યકતા) રેગ્યુલેશન, ૨૦૧૫ના પરિશિષ્ઠ-Vના રેગ્યુલેશન ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને પેટા રેગ્યુલેશન ૪૫ના ક્લોઝ (બી) થી (આઇ) અને પારા સી, ડી અને ઈ હેઠળ પૂર્તતા અંગેનું પ્રમાણપત્ર.**

પ્રતિ,

માનનીય સભાસદો

ગુજરાત રાજ્ય નાણાંકીય નિગમ,

ગાંધીનગર.

૧. અમે SEBI (લીસ્ટીંગની જવાબદારી અને જાહેરાત કરવાની આવશ્યકતા) રેગ્યુલેશન, ૨૦૧૫ના પરિશિષ્ઠ–Vના રેગ્યુલેશન ૧૭ (સાથે વંચાણે લીધા૧૫(૨)(બી)) ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને પેટા રેગ્યુલેશન ૪૫ના ક્લોઝ (બી) થી (આઇ) અને પારા સી, ડી અને ઈ હેઠળ સ્ટોક એક્ષચેન્જ ઑફ ઈન્ડિયા (SEI) સાથેની શરતોની પૂર્તતા અંગેની ચકાસણી કરી છે. GSFCના તા. ૩૧ માર્ચ, ૨૦18ના રોજ પૂરા થતા વર્ષમાટેના કોર્પોરેટ ગવર્નન્સની પૂર્તતા તપાસી છે.

૨. કંપનીના સંચાલનની શરતોનું પાલન કરવાની જવાબદારી સંચાલકોની છે. અમારી ચકાસણી માત્ર નિગમના સંચાલનની શરતોનું પાલન કરવા નિગમે યોગ્ય પદ્ધતિ અપનાવી છે કે કેમ અને તેનો અમલ કર્યો છે કે કેમ તે જોવા પૂરતી મર્યાદિત છે. તે નિગમના નાણાંકીય નિવેદનોનું ઓડિટ નથી કે તેના પરનો અમે વ્યક્ત કરેલ અભિપ્રાય નથી. અમારા અભિપ્રાય અને અમને આપવામાં આવેલ સમજૂતી મુજબ અને રેગ્યુલેશન SEBI (લીસ્ટીંગની જવાબદારી અને જાહેરાત કરવાની આવશ્યકતા) રેગ્યુલેશન, ૨૦૧૫ના ૧૫(2)(બી) સાથે વંચાણે લેતાં, નિગમે પોતાના બોર્ડ અને સમિતિઓની રચના SFC અધિનિયમ, ૧૯૫૧ હેઠળ કરી છે. અને અમે પ્રમાણિત કરીએ છીએ કે નિગમે સંસ્થાગત અભિશાસનની શરતોનું ઉપર જણાવેલ લીસ્ટીંગ રેગ્યુલેશન્સ મુજબ પાલન કર્યુ છે.

૩. અમે વધુમાં જણાવીએ છીએ કે નિયમોના આ પાલનનો અર્થ એવો નથી કે નિગમ ભવિષ્યમાં કાર્યક્ષમ બની શકશે કે સંચાલકો દ્વારા નિગમનો આ રીતે વહીવટ કરવાથી તેની કાર્યક્ષમતા કે અસરકારકતા સુધરશે તેની બાંયધરી મળતી નથી.

તારીખ : ૩૦/૦૪/૨૦૧૮

સ્થળ : અમદાવાદ

KISHOR DUDHATRA C.P NO. 3959 COMPANY SECRETARY

સહી/–

**કિશોર દુધાત્રા**

પૂર્ણ સમયના પ્રેક્ટીસીંગ કંપની સેક્રેટરી,

એફસીએસ–૭૨૩૬સી.પી. ક્રમ–૩૯૫૯

# સ્વતંત્ર ઓડિટરનો અહેવાલ

પ્રતિ,

માનનીય સભાસદો,

ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ,

**નાણાકીય પત્રકો પરનો અહેવાલ**

અમે **ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ**ના આ સાથે જોડેલા નાણાકીય પત્રકોનું ઓડિટ કર્યું છે, જેમાં ૩૧મી માર્ચ, ૨૦૧૮ના રોજનું પાકું સરવૈયું, વર્ષાતની સ્થિતી દર્શાવતું નફા–નુકસાનનું પત્રક અને રોકડ પ્રવાહ પત્રક તથા નોંધપાત્ર હિસાબી નીતિઓ અને અન્ય સ્પષ્ટતા દર્શાવતી માહિતીઓનો સમાવેશ થાય છે.

**નાણાકીય પત્રકો માટે સંચાલક મંડળની જવાબદારી**

સંચાલક મંડળ આ નાણાકીય પત્રકો તૈયાર કરવા માટે જવાબદાર છે, જે ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) અને સ્ટેટ ફાઈનાન્સિયલ કોર્પોરેશન એક્ટ, 1951ની જોગવાઈઓ મુજબ નાણાકીય સ્થિતી, નાણાકીય દેખાવ અને નિગમના રોકડ પ્રવાહની સાચી અને વાજબી સ્થિતી દર્શાવતા હોય. આ જવાબદારીમાં નિગમની અસ્ક્યામતોની સુરક્ષા માટે અને છેતરપિંડી તથા અન્ય ગેરરીતિઓથી બચવા તેમજ તેને ઓળખી કાઢવા કાયદાની જોગવાઇ મુજબ પૂરતા હિસાબી રેકર્ડની જાળવણી, યોગ્ય હિસાબી નીતિઓની પસંદગી અને તેનું અમલીકરણ, વાજબી અને તાર્કિક હોય તેવા નિર્ણયો અને અંદાજો કરવા અને પૂરતા આંતરિક નાણાકીય નિયંત્રણનું અમલીકરણ તથા જાળવણી વગેરેનો સમાવેશ થાય છે, જે હિસાબી રેકર્ડની ચોક્સાઇ અને પૂર્ણતાની ખાતરી આપે અને તે સાચું અને વાજબી ચિત્ર રજુ કરે તેમજ છેતરપિંડી કે ભૂલથી થતા નિવેદનોની મુક્ત હોય.

**ઓડિટરની જવાબદારી**

અમારી જવાબદારી અમારા ઓડિટને આધારે આ નાણાકીય પત્રકો અંગે અમારો અભિપ્રાય વ્યક્ત કરવાની છે. અમે અમારૂ ઓડિટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરવામાં આવેલ ઓડિટીંગના ધારણો મુજબ હાથ ધરેલ છે. આ ધોરણે સૂચવે છે કે અમે નૈતિક મૂલ્યોનું પાલન કરીએ અને ઓડિટનું આયોજન અને અમલીકરણ એવી રીતે કરીએ કે જેથી નાણાકીય પત્રકો કોઇ ભૂલ કે ખામીથી મુક્ત છે તેની વાજબી ખાતરી કરી શકાય.

ઓડિટમાં નાણાકીય પત્રકોમાં દર્શાવવામાં આવેલી રકમો અને તેના નિવેદનો વિષેના પુરાવા મેળવવા માટેની પ્રક્રિયા પણ અનુસરવામાં આવે છે. આ પ્રક્રિયાની પસંદગી ઓડિટરના નિર્ણય પર આધારિત છે જેમાં કોઇ છેતરપિંડી કે ભૂલથી થયેલા નાણાકીય પત્રકોના મટિરીયલ મિસસ્ટેટમેન્ટના જોખમની ચકાસણીનો સમાવેશ થાય છે. જોખમોના મૂલ્યાંકન સમયે, ઓડિટર નાણાકીય પત્રકો તૈયાર કરવાની નિગમની તૈયારી સાથે સંબંધિત આંતરિક નાણાકીય નિયંત્રણને ધ્યાને લે છે, જે સંજોગોને અનુરૂપ ઓડિટ પ્રક્રિયાઓ હાથ ધરવા માટે સાચું અને વાજબી ચિત્ર રજુ કરે. પરંતુ તેનો હેતુ એવો મત રજુ કરવાનો નથી કે નિગમે નાણાકીય રિપોર્ટીંગ માટે પૂરતી આંતરિક નાણાકીય નિયંત્રણની વ્યવસ્થા ઉભી કરી છે અને આવા નિયંત્રણો કાર્યકારી રીતે અસરકારક છે. આ ઓડિટમાં લાગુ કરવામાં આવેલી હિસાબી નીતિઓની યોગ્યતા અને નિગમના નિયામકો દ્વારા કરવામાં આવેલા હિસાબી અંદાજોનું મૂલ્યાંકન તેમજ નાણાકીય પત્રકોની એકંદર રજુઆતનું પણ મૂલ્યાંકનનો પણ સમાવેશ થાય છે.

